Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૨૪ • તા. ૧૩ જુન ૨૦૧૬ થી ૧૯ જુન ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ ઘાટકોપરના નવા સંકુલમાં નવ સ્મરણના પાઠનું આયોજન













શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ ઘાટકોપરના નવા વિદ્યાર્થીગૃહમાં વિદ્યાર્થીઓના એડમીશન પૂર્વ મંગળવાર, તા. ૦૭-૦૬-૨૦૧૬ના રોજ નવા મકાનની શુદ્ધિ સર્વે અજીતશાંતિ (નવ સ્મરણ) પાઠ રાખેલ હતા. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ તથા મેનેજીંગ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યા છાત્રાલય - ઘાટકોપર

### કન્યા છાત્રાલયનું ગૌરવ

**એચ.એસ.સી. માં ઉત્તિર્ણ વિદ્યાર્થીનીઓને અભિનંદન :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ના એચ.એસ.સી. માં દરેક વિદ્યાર્થીનીઓ ઉત્તિર્ણ થતા

**કન્યાછાત્રાલયનું પરિણામ ૧૦૦% આવેલ છે.**



મનાલી મનીષ લોડાયા
80%



સોનલ મનોજ લોડાયા
80%



હેમા સતીષ ધુલ્લા
76%



વીની દિપક ગોસર
75%

ઉત્તિર્ણ થયેલ દરેક વિદ્યાર્થીનીઓને તેમની સફળતા બદલ ટ્રસ્ટીઓ, અધિકારીઓ, સ્ટાફ તથા કન્યા છાત્રાલયની સર્વે વિદ્યાર્થીનીઓના **ખૂબ ખૂબ અભિનંદન...**

# પાવન ધરતી પુના મધ્યે ત્રિવેણી સંગમ

## પ.પુ. સાધ્વીજી સંયમગુણાશ્રી મ.સા. આદિઠાણા ચાર નું વાજતે ગાજતે સ્વાગત





## વર્ષીતપનાં તપસ્વીઓનો બહુમાન







## પ.પુ. સાધ્વિજીનાં પ્લોટપર પગલા ને વાસ્કેપ વિધી

(મુકેશભાઇ મૈશેરી એમના ધર્મપત્ની સાથે મુંબઇ થી ખાસ કાર્યક્રમમાટે પધારેલ)





**ધરમશી કમ્યુનિટી સેંટર** - ૮૦૦૦૦ સ્કે.ફુટના પ્લોટ પર જૈન જીનાલય, ઉપાશ્રય, સિનિયર સિટીઝન હોમ, કમ્યુનિટી સેંટર તથા જ્ઞાતીજનોમાટે રહવાનુ આયોજન સંજયભાઇ ધરમશી અને દિનેશભાઇ લોડાયા દ્વારા કરવા માં આવેલ છે.

વધુ માહિતી માટે સંપર્ક - ખુશાલ મહેશ્વરી - ૮૦૮૭૯૯૩૩૫૧

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 24/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## મુંબઈ મહાજનની તાજેતરની સામાન્ય સભાના સૂચિતાર્થો

મુંબઈ મહાજનની ગત સોમવાર તા. ૬/૬/૨૦૧૬ના મળેલ સામાન્ય સભામાં અનંતનાથજી જિનાલયનો આખો ઉપાશ્રય હૉલ ખીચોખીચ ભરાઈ જાય એટલી વિક્રમી હાજરી હતી. ચારેક કલાક ચાલેલી આ સભા સમયની દૃષ્ટિએ પણ વિક્રમી હતી.

એ નોંધપાત્ર છે કે મિટીંગમાં ચર્ચાવાના મુદાઓના મહત્વને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાજનના પ્રમુખોમાંથી મોટા કામ પાર પાડનારા બે ભૂતપૂર્વ પ્રમુખો ઉપરાંત ભૂતપૂર્વ સેક્રેટરીઓ ઉપસ્થિત રહ્યા હતા. અચલગચ્છ સાથે સંકળાયેલા જ્ઞાતિ આગેવાન પણ ઉપસ્થિત હતા.

અત્યાર સુધી મુંબઈ મહાજનના આઠેક દાયકાઓ દરમિયાનની પ્રણાલિકા રહી છે કે કોઈ અનિવાર્ય કારણો સિવાય મહાજનની સર્વ સાધારણ સભામાં ટ્રસ્ટીઓ અને મહાજનના પદાધિકારીઓએ હાજરી આપવી જોઈએ અને સભામાં ઉપસ્થિત સભ્યોની ફરિયાદો કે સવાલો અંગે વિચાર વિમર્શની આપ-લે કરવી જોઈએ. આ પ્રણાલિકા અપવાદ સિવાય બધા ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ પાળતા આવ્યા છે.

એ પણ ધ્યાનમાં આવ્યા વગર રહે તેમ ન હોતું કે ટ્રસ્ટના મુખ્ય બે ટ્રસ્ટીઓએ જ તે સભામાં હાજરી આપી નહોતી. તેને લીધે બાકીના ટ્રસ્ટીઓ અને મહાજનના અધિકારીઓ સભામાં એકલા પડી ગયા હતા. જે મુંબઈ મહાજને તેમને ટ્રસ્ટીઓ તરીકે ચૂંટયા છે તેની સામાન્ય સભામાં આ રીતે ઉપસ્થિત ન રહેવું કોઈ રીતે ચલાવી ન લેવાય, એને લીધે જ્ઞાતિ એગ્રણીઓ પણ તેમની નિષ્ઠા અંગે સાશંક બન્યા છે.

અનંતનાથજી ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનના અધિકારીઓ પર સભામાં કાર્યસૂચિની વિવિધ બાબતો અંગે જે મુદાઓ, પ્રશ્નો અને સૂચનાઓની ઝડી વરસાવવામાં આવી, તેણે ખાસ કરીને વર્તમાન ટ્રસ્ટીઓની ટ્રસ્ટ વહિવટની કાર્ય પદ્ધતિ અંગે એક પ્રકારે ખરેખરની કસોટીની સ્થિતિ ઊભી કરી હતી.

સભાના એજન્ડા પર મુજબ બાબતો અનંતનાથજી ટ્રસ્ટને સંદર્ભિત હતી, જે અંગે ઉપરોક્ત પ્રશ્નો સભામાં ઉપસ્થિત થવાના હતા, તે બિલ્કુલ અનપેક્ષિત નહોતા. પરંતુ, સભામાં અનંત નિવાસ - અનંત ભવન, અનંત સિધ્ધિ વગેરે ટ્રસ્ટના મકાનનો ભાડૂતો તેમજ ૨૦૧૦-૨૦૧૫ દરમિયાનના ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનના અધિકારીઓએ વર્તમાન મુંબઈ મહાજનના હોદેદારો અને અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ (જે લગભગ એક સમાન જ છે) પર જે પ્રશ્નો વરસાવ્યા તેનો તેઓ યોગ્ય રીતે સામનો ન કરી શક્યા.

એ નોંધપાત્ર છે કે વિવિધ વક્તાઓએ અલગ અલગ સંદર્ભમાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મહાજનના પદાધિકારીઓને કહ્યું કે તમે અધકચરી માહિતી આપીને સભા પાસેથી ધાર્યું કરાવવા માંગો છે. જે માહિતી જ્ઞાતિ જાણે છે એ બાબતને તોડી મરોડીને તમે શું સિધ્ધ કરવા માંગો છો ? તમે પૂરી તૈયારી કેમ કરી નથી ને પારદર્શકતા કેમ રાખતા નથી.

સભામાં જ્યારે ટ્રસ્ટીઓને જે મૂળભૂત સવાલ પૂછાયો કે ટ્રસ્ટીઓએ ટ્રસ્ટ ફંડના ઉપયોગ બાબત કેવી રીતનો અગ્રતા ક્રમ નક્કી કર્યો છે તે વિશે ટ્રસ્ટીઓ કોઈ વ્યાજબી સ્પષ્ટતા કરી શક્યા નહોતા, એ વાત ખેદજનક ગણાય.

જ્ઞાતિમાં ટ્રસ્ટીઓ વિશે, તેમની પાસે ટ્રસ્ટ વહીવટ બાબતે સુરેખ નીતિ નથી તેવી જે માન્યતા હતી તે આ સભામાં ઓર સબળ બની. એ દેખીતું હતું કે આ સભા બોલાવવા પાછળ ટ્રસ્ટીઓને આશય એ હતો કે નવી મુંબઈમાં ''જ્ઞાતિની મહાજનની વાડી'' માટે રૂ. ૭ કરોડ અને ''આવાસ યોજના'' માટે હોપ વન થાઉઝન્ડના સંચાલકો સાથે કોઈ યોજના બનાવી ત્યાં માટે પણ ચૌદેક કરોડના ખર્ચની મંજૂરી મેળવવી.

સભા જે રીતે આગળ વધી રહી હતી, તેમાં ટ્રસ્ટીઓ પોતાના કોઈ નક્કર પ્રસ્તાવ બાબતે સભાનો સંતોષ અને વિશ્વાસ જગાવવામાં ધીરે ધીરે પોતાની પકડ ગુમાવી રહ્યા હતા. એટલે જ્યારે નવી મુંબઈની મહાજન વાડી અંગે ૭ કરોડના ખર્ચની મંજૂરી બાબત ચર્ચાઈ રહી હતી ત્યારે ૨૦૧૦-૨૦૧૫ના ટ્રસ્ટીઓએ એવી રજુઆત કરી હતી કે તેમના ટ્રસ્ટ બોર્ડે અગાઉની લોન સિવાયની રકમ જ્ઞાતિના દિલેર દાતાએ પાસેથી એકત્ર કરવી અને ટ્રસ્ટ ભંડોળને ઉપયોગ ન કરવો એવી નીતિ બનાવી હતી.

આ દલીલ સામે વર્તમાન ટ્રસ્ટીઓ એટલી પણ રજુઆત ન કરી શક્યા કે આપણા ટ્રસ્ટ બોર્ડનો કોઈ નિર્ણય કાયમી સ્વરૂપનો હોતો નથી અને વર્તમાન સંજોગ પ્રમાણે આવશ્યક રકમ ટ્રસ્ટ ફંડમાંથી મેળવી બાકીનું કામ પુરું કરવું યોગ્ય છે. જેથી એક્યુપેશન સર્ટીફિકેટ આવ્યા પછી મ્યુનિસીપલ પ્રોપર્ટી ટેક્સ વગેરેના ખર્ચા ચાલુ થઈ ગયા છે અને કમસે કમ સભાગૃહને સંપૂર્ણ કરીને તેના ભાગમાંથી આવક મેળવવાનું પગલું લેવાય તો તેમાં કશું અનુચિત નથી.

એવી જ રીતે ટ્રસ્ટીને એ સુઝ્યું નહીં કે સભાગૃહનું આંજી નાખે તેવા ડેકોરેશન સિવાયનું કામ પૂર્ણ કરવામાં બે કરોડ જેટલો જ ખર્ચ થાય તેમ છે. તો કમ સે કમ તેની મંજૂરી તો સભા આપે તેવી રજૂઆત કરવી. જો આમ થયું હોત તો જરૂરથી જે લોકો જૂની ટીમ સથે સંકળાયેલા નહોતા તે વચલા માર્ગની તરફેણમાં આવ્યા હોત.

ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ ભલે એવી રજુઆત કરી કે તેઓ અને વર્તમાન અધિકારીઓ/ટ્રસ્ટીઓ સાથે મળીને જ્ઞાતિના દાતાઓનો સંપર્ક કરશે તો આ પાંચથી સાત કરોડની રકમ આસાનીથી અને ટૂંક સમયમાં એકત્ર થઈ શકશે. વર્તમાન સંજોગોમાં ભૂતપૂર્વ ટ્રસ્ટીઓની આવી રજૂઆત ફળીભૂત થઈ શકે તેમ નથી કારણે કે આપણે બધા જાણીએ છીએ કે ઘાટકોપરના વિદ્યાર્થીગૃહના બાકીના કામ માટે ખર્ચ ઊભો છે તે અંગે જેમણે વચનો આપેલ છે એ દાતાઓ પણ છેલ્લા એકાદ વર્ષથી પોતાની વચનપૂર્તિ કરી શક્યા નથી.

હોપ વન થાઉઝન્ડના પ્રોજેક્ટ અંગે ટ્રસ્ટ ફંડોના ઉપયોગ કરવાની વાત જ્યારે સભામાં ચર્ચાઈ ત્યારે પણ ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ મુદ્દો ઉઠાવ્યો કે આ જમીનના ટાઈલ ચોખ્ખા નથી તેમજ જ્ઞાતિના એક અગ્રણી આર્કીટેક્ટે જણાવ્યું કે ઉપરોક્ત સઘળી જમીન પ્લોટ ધારકોની છે. એટલે હોપ વન થાઉઝનના વર્તમાન સંચાલકોને તે જમીનના નિકાલ કરવા બાબતે કોઈ હકક નથી. આવા કોઈ સોદા માટે પ્લોટ ધારકોની પૂર્વ મંજૂરી ન મળે ત્યાં સુધી તે જમીનની અનિશ્ચિતાને કારણે પણ ટ્રસ્ટીઓને એની વિચારણા કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

તેવી જ રીતે સમસ્ત મહાજનની મહાસમિતિ પર મુંબઈ મહાજનના ૬૬ પ્રતિનિધિ મોકલવા અંગેની બાબતે પણ પદાધિકારીઓએ સમાધાનલક્ષી વલણ લેવું પડયું.

આમ સમગ્ર રીતે જેતાં અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ નવી મુંબઈની મહાજનવાડી કે હોપ વન થાઉઝન્ડની જમીન બાબતે આગળ વધી શકશે નહીં.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

*એટલે તેમની પાસે જ્ઞાતિજનો માટે રહેઠાણ જેવી કોઈ યોજના હોય તો જ્ઞાતિજનોને ખાસ કરીને મુંબઈ મહાજનની સામાન્ય સભાની સમક્ષ વિગતવાર રજુઆત કરીને વિશ્વાસનો મત મેળવવો જોઈએ.*

*આમ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કોઈ પ્રોજેક્ટ કરવા ઈચ્છતા હશે તે તેનો દોર મુંબઈ મહાજનની સામાન્ય સભા પાસે રહેશે તે ઉક્ત સભાનો મુખ્ય સૂચિતાર્થ ગણાય.*

### કચ્છની જમીનો બાબત જરા ચેતજો




કેટલાક સમયથી કચ્છમાં જમીન-જાયદાદનાં ભાવો આસમાને ગયેલા છે. આપણા સમાજના મોટા ભાગના પરિવારો કચ્છ છોડીને પરદેશમાં વસવાટ કરે છે. ઘણા પરિવારોની કચ્છમાં જમીનો છે. આજની પરિસ્થિતિમાં કેટલાક લેભાગુ લોકો કે જેમાં આપણા સમાજની પણ કેટલીક વ્યક્તિઓ સામેલ છે, આપણા સમાજના પરિવારોની મિલ્કતોનાં નકલી વારસદારો ઊભા કરી ખોટા દસ્તાવેજ તથા ખોટી એફિડેવીટો કરી જમીનો બારોબાર વેચી નાંખે છે.

આવા કાવતરામાં આપણા સમાજના કેટલાક નિર્દોષ લોકો પણ સંડાવોઈ ગયા છે. તેથી સમગ્ર સમાજના સભ્યોને આવી વ્યક્તિઓથી ચેતવવાની જરૂરત છે તથા જેઓની માલ-મિલ્કતો કચ્છમાં છે તેઓએ પોતાની જમીનોનાં દસ્તાવેજો એકે કરી લેવા વિનંતી. – **ચંદ્રકાંત દામજી શાહ** (પાલડી-અમદાવાદ)

### સમયની માંગ

જ્ઞાતિમાં છેલ્લા પંદર-વીસ વરસથી ઉચિત મૂરતીયા યુવકોને કન્યા મળવી મુશ્કેલ થયું છે. જેના ઘણાં સંજોગો અને કારણો છે સાથે સગપણ અને લગ્ન ફોકના કિસ્સાઓ વધતા રહ્યા છે (જ્ઞાતિ તૂટતી જાય છે) ત્યારે જ્ઞાતિના યુવકો પરિસ્થિતીને માની આપી જ્ઞાતિ-પ્રેમી યુવકો જ્ઞાતિની સગપણ ફોક અને છૂટાછેડા વાલી કન્યા ને ખુશીથી અપનાવતાં આપણી જ્ઞાતિનું સંરક્ષણ અને સંવર્ધન જળવાઈ રહે છે.

ગામના સંઘો અને મહાજનશ્રીની સમુહલગ્ન સમિતિએ તેવા યુગલોને જાહેરમાં સન્માનિત કરી બીરદાવવા જોઈએ.

સમુહલગ્ન કરી દઈએ છીએ તેમ જ્ઞાતિનું હિત જાળવતા આવા યુગલોની ભાવનાને બીરદાવી એ સમયની માંગ છે. મહાજનશ્રી ગંભીરપણ વિચારે.

– **લહેરચંદ વેલજી મૈશેરી**, ભાંડુપ


જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા

આયોજીત **સ્નેહમિલન** તથા

## શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

આયોજીત **૧૦મો વાર્ષિકોત્સવ**

**રવિવાર, તા. ૨૬મી જુન ૨૦૧૬, બપારે ૨.૩૦ કલાક થી**

**શુભ સ્થળ :** જૈનમ હોલ (ગ્રાઉન્ડ ફ્લોર), ભાંડૂપ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૭૮.

**સ્નેહમિલનના માનમંતા વિશેષ આમંત્રિત મહેમાનો**

| | |
|---|---|
| શ્રી જયંતભાઈ ભવાનજી સોની | શ્રી અનિલભાઈ દામજી વિકમશી |
| શ્રી શામજીભાઈ નરશી દંડ | શ્રી હેમાંગભાઈ મણીકાંત મોમાયા |
| ડૉ. કાંતીલાલ નરશી દંડ | શ્રી જયકુમાર હરીશ ડાઘા |

સર્વે વરાડીયાવાસી ભાઈ-બહેનોને સપરિવાર તથા વરાડીયાની પરિણીત નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

કાર્યક્રમ દરમ્યાન ઢોલ શરણાઈના તાલે રાસ ગરબાની મોજ તથા સાંજે પ્રીતિ ભોજનનો આસ્વાદ. (ચોવિહારની સુવિધા)

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન,** વરાડીયા

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ ને મહાજન ફંડસ્ ટ્રસ્ટ • શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સભામાં ઐરોલીની અધુરી વાડી માટે અન્ય વિકલ્પોથી નાણાં વ્યવસ્થા કર્યા પછી જ ટ્રસ્ટમાંથી લોન લેવી યોગ્ય ગણાશે તેવા ઘણા મહત્ત્વના નિર્ણય લેવાયા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની એક સર્વસામાન્ય સભા સોમવાર તા. ૬/૬/૨૦૧૬ના અનંતનાથજી જિનાલયના ઉપાશ્રયમાં મળી હતી જેમાં સામાન્ય રીતે મહાજનની સભામાં સામાન્ય રીતે હોય તેનાથી પાંચગણા વધારે એટલે કે ૨૨૫થી વધુ જ્ઞાતિજનો સહભાગી થયા હતા.

આ સભાના પ્રારંભે ક.દ.ઓ. મુંબઈ મહાજને સમસ્ત મહાજન દ્વારા પ્રસ્તાવિત પ્રથમ અને આમ ચોથા જ્ઞાતિ સંમેલનના યજમાન થવું કે નહીં તેની વિચારણા કરવા તા. ૨૯-૬-૨૦૧૫ના મળેલ મુંબઈ મહાજનની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ તથા મુંબઈ મહાજનની છેલ્લી સમિતિના ઓડિટેડ અહેવાલોને બહાલી આપવામાં આવી હતી.

મુંબઈ મહાજને ઐરોલી ખાતેની મહાજન વાડી જેની ઓક્યુપેશન સર્ટિફિકેટ( ઓ સી) તાજેતરમાં જ મળી છે તેનું કાર્ય પૂર્ણ કરવા માટે શ્રી અનંતનાથજી ટ્રસ્ટ પાસેથી પાછા આપવાની શરતે રૂા. ૭ કરોડની લોન લેવી કે નહીં એ બાબત લાંબી ચર્ચા-વિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે મુંબઈ મહાજન શ્રીની વ્યવસ્થાપક સમિતિ અને પદાધિકારીઓએ સૌથી પ્રથમ દાતાઓના દાન મેળવવા તથા જેમને ડેકોરેશન અને કેટરીંગના કોન્ટ્રાક્ટ આપવાના હોય તેમની પાસેથી એડવાન્સ લેવાના વિકલ્પો અજમાવ્યા પછી જ અનંતનાથજી ટ્રસ્ટ પાસે લોન લેવાની માગણી કરવી.

આ ચર્ચા વિચારણા દરમિયાન મુંબઈ મહાજનના વર્તમાન અધિકારીઓએ પોતાની મુશ્કેલી દર્શાવી હતી કે દાતાઓ આ અંગે દાન આપવા બાબત ઉત્સાહ દર્શાવતા નથી અને બીજી તરફ સંભાવિત ખર્ચનો આંકડો વધતો જાય છે તેથી આ પ્રકારની ગોઠવણ વિચરાઈ છે.

આ તબક્કે મહાજનની સભાના ઘણા વક્તાઓએ તેમને પ્રશ્ન પૂછ્યો હતો કે મહાજનની અગાઉની સામાન્ય સભામાં અત્યારની ટીમે મુંબઈ મહાજનની હાલમાંની એકમાત્ર મિલકત સમાન મહાજન વાડી ઊભી કરવા સૌએ સાથે મળીને કામ કરવાનું વચન આપેલું અને માંગવામાં આવેલ લોનની રકમ ત્રણથી પાંચ કરોડ કરાવી હતી. હવે જ્યારે દાતાઓ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે, ત્યારે અન્યોનો સહકાર કેમ મેળવવામાં ન આવ્યો ? ચૌદ મહિના સુધી અધુરી મહાજન વાડીને એ જ સ્થિતિમાં રાખી હવે શા માટે અન્ય વિકલ્પ નક્કી કર્યા વગર મહાજન વાડી પૂર્ણ કરવા માટે જોઈતી પૂરે પૂરી રકમ માટે અનંતનાથ ટ્રસ્ટ પાસેથી લોન મેળવવા મહાજનની મંજૂરી મંગાય છે ?

આ ચર્ચા દરમિયાન મહાજનની અગાઉની વ્યવસ્થાપક સમિતિ અને પદાધિકારીઓએ તેમણે શા માટે અનંતનાથજી ટ્રસ્ટ પાસેથી લોન લીધેલી તેનો ખુલાસો કરતા ક્હયું કે સીડકોએ સંસ્થા - સમુદાયો માટે રીઝર્વ રાખેલો પ્લોટ ચોક્કસ મુદતમાં બાંધકામ શરૂ ન થાય તો સીડકો પાછો લઈ લે તેમ હતું એટલે એ પ્રકારની ગોઠવણ કરવામાં આવી હતી. બાકી જ્યાં સુધી મહાજન વાડીનો સવાલ છે દાતાઓ ચોક્કસ દાન આપવાના જ. જો બેંગલોર મહાજન મુખ્યત્વે મુંબઈના દાતાઓની મદદથી પોતાની વાડી ઊભી કરી શકે તો ખુદ મુંબઈ મહાજન કેમ ન કરી શકે ?

એક તબકકે વર્તમાન પદાધિકારીઓએ અપીલ કરી હતી કે દાતાઓ ક્યારે દાન આપે અને ડેકોરેશન/કેટરીંગનો કોન્ટ્રાક્ટ લેનાર ક્યારે એડવાન્સ આપે તે અનિશ્ચિત છે માટે લોન મંજૂર કરવી અને પાછળથી અન્ય વિકલ્પોથી તે પાછી ચૂકવી દેવાશે.

આ બાબત પણ મહાજનની સામાન્ય સભાએ જણાવ્યું


|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત**

**સમુહ લગ્ન ૨૦૧૬**

કચ્છમાં તા. ૧૧.૧૨.૨૦૧૬ ના સમુહ લગ્નમાં જોડાવવા ઈચ્છુક વ્યક્તિઓએ ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.

**: સંપર્ક :**

| | | |
|---|---|---|
| પ્રબોધ મુનવર (ભુજ) | ગુલાબ દંડ (અમદાવાદ) | ચંદ્રેશ છેડા (રાયપુર) |
| 09925169876 | 09824097078 | 09425213540 |
| ગોવિંદજી પટેલ | શાંતિલાલ લોડાયા (વડોદરા) | લક્ષ્મીચંદ દંડ (ખંડવા) |
| 09820540949 | 09824012971 | 0997755110 |
| કિરણ દંડ | અરવિંદ લોડાયા (ગાંધીધામ) | વિરેન્દ્ર લોડાયા |
| 09833808244 | 09825634649 | 09821073830 |


શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ વતી કિરણ દંડ, પ્રબોધ મુનવર



રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે

Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

Mob.: 7666688881 / 7666622229

હતું કે જો મહાજનની વર્તમાન ટીમ દાતાઓની તક્તી ક્યાં ક્યાં કેટલા દાનની શરતે લગાવી શકાય તેમ છે તેની વિગતવાર સ્કીમ બનાવી તેમજ આ પ્રોજેક્ટ શરૂ કરાવી સારે તબક્કે પહોંચાડનાર ટીમ સાથે સહયોગથી દાન મેળવવાનો પ્રયત્ન કરે તે પછી જ ખૂટતી રકમની લોન બાબત વિચારી શકાય.

ઉપરોક્ત ચર્ચા દરમ્યાન, મહાજનના અધિકારીઓ અને અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને વેધક સવાલ પૂછાયો હતો કે ટ્રસ્ટીઓએ તેમની પાસે ઉપલબ્ધ કે અપેક્ષીત ફંડના ઉપયોગ માટે અગ્રતા (પ્રાયોરીટી) કેમ નક્કી કરી નથી ? જુદી જુદી મંજુરીઓ માટે આડેધડ માગણી કરવામાં આવી રહી છે તે યોગ્ય નથી એવો ઠપકો આપતાં ટકોર કરી કે મહાજનના અધિકારીઓ સભના એજન્ડાની વિવિધ બાબતો અંગે કોઈ પણ ઘરકામ હોમ વર્ક કરીને આવતા નથી જેને લીધે બધાના સમય અને શક્તિનો વેડફાટ થાય છે.

મુંબઈ મહાજનશ્રી સામાન્ય સભાએ આશરે સવા બે કરોડ જેટલી દેવદવ્યની રકમ ભારત ભરના જ્ઞાતિના જિનાલયોના જાર્ણોધ્ધાર કે નૂતન બાંધકામ માટે મહાજનશ્રીની મંજૂરી મેળવ્યા વગર ઉપયોગમાં લેવાની અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની માગણી પણ નકારી કાઢી હતી.

પીઢ આગેવાનોએ સૂચવ્યું હતું કે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ આવી બાબતો મહાજનશ્રી સભા સમક્ષ લાવ્યા વિના કરવાની જરૂરત શું છે ? દેવદ્રવ્યની ફાળવણી બાબત અત્યારે જે વસ્તુ તમારી કાર્યસૂચિ પર હોય તેની જ વાત કરો. એ પછી અનંતનાથજી ટ્રસ્ટે વર્તમાનમાં હાથ ધરેલ રાણપરના જિનાલયન માટે ફાળવણીનો મુદો હાથ ધરવામાં આવ્યો.

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી માહિતી આપવામાં આવી કે કુલ ખર્ચ પંચાવન લાખ જેટલો થવાની ધારણા છે. તેમાં રાણપરના જ્ઞાતિજનો તરફ થી આશરે રૂા. ૧૫ લાખની રકમ આવવાની ધારણા હોતા રૂા. ૪૦ લાખની અનંતનાથજી ટ્રસ્ટ પાસેથી મેળવાની અપેક્ષા છે.

આ સંબંધમાં પીઢ આગેવાનોએ જણાવ્યું હતું કે દેવદ્રવ્ય તો ઘણા જૈન ધાર્મિક ટ્રસ્ટો પાસે પડયું હોય છે અને તેઓ જિનાલય નિમાર્ણ કે જિર્ણોધ્ધાર માટે ફાળવે પણ છે તેથી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને રાણપર મહાજનના પદાધિકારીઓએ તે વિકલ્પ દ્વારા જેટલી રકમ પ્રાપ્ત થાય તે મેળવીને બાકીની રકમ જ અનંતનાથજી ટ્રસ્ટમાંથી મેળવવી.

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા રાણપર મહાજનના પદાધિકારીઓએ આ બાબત સહમતી આપતા


**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

પાર્શ્વ ધામ, પાર્શ્વનાથ રોડ, ગદગ - 582 103.

☎ : 235962

**શ્રી ગદગ તીર્થે ચાતુર્માસ પ્રવેશ અને પર્યુષણ મહાપર્વે પધારવા**

**ભાવભર્યું આમંત્રણ**

અચલગચ્છાધિપતિ તપસ્વી રત્ન પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા વર્તી જ્યોતીસાચાર્ય પ.પૂ.શ્રી સર્વોદય સાગરજી મ.સા.નાં શિષ્ય રત્ન પ.પૂ. શ્રી જગવલ્લભસાગરજી મ.સા. નો મંગલ ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૭ ને સોમવાર તા. ૧૧-૭-૨૦૧૬ ના શુભ દિવસે થશે આ પાવન પ્રસંગે તથા પર્યુષણ મહાપર્વમાં સર્વે જ્ઞાતિજનોને પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

સંપર્ક માટે

સુધીર જે. સોની (પ્રમુખ) 9886198668

વિપુલ કે. શાહ (સેક્રેટરી) 9448120893

JYOTI GDG



**ચાતુર્માસ વધામણાં એવં આરાધના આમંત્રણ..**

શ્રી ચાલીસગામ તીર્થે... અચલગચ્છાધિપતિ, તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા એવં શુભ આશીર્વાદથી તથા પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. એવં પૂ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની દિવ્યકૃપાથી શાંત સ્વભાવી, સેવાભાવી પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં **પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. ઠા. ૨**નું પણ ચાતુર્માસ મળેલ છે. સંઘમાં હર્ષ છવાયો છે.

**પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ આષાઢ સુદ ૬ રવિવાર તા. ૧૦ જુલાઈના સવારના ૮.૩૦ કલાકે થશે.**

ચાતુર્માસ પ્રવેશના કાર્યક્રમ પછી **શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસક્રમના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓના બહુમાનનો તથા નૂતન દાતાઓના સન્માનનો કાર્યક્રમ** રાખવામાં આવેલ છે. સહુને બહોળી સંખ્યામાં પધારી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરવા ભાવભર્યું આમંત્રણ છે.

**દોઢ મહિનાની ચાતુર્માસિક આરાધના** કરવા ઇચ્છતા આરાધકો માટે **સંપૂર્ણ વ્યવસ્થા** રાખવામાં આવેલ છે. તો પધારી શ્રી સંઘને આરાધનાનો લાભ આપવા આત્મીય આમંત્રણ છે.

પ્રવેશમાં કે આરાધનામાં જોડાવા ઇચ્છનારે વ્યવસ્થા માટે નીચેના સંઘ સેવકોનો સંપર્ક કરવા નમ્ર વિનંતી.

**ઈન્દ્રેશભાઈ પોલડીયા - 07588647903**

**દલેશભાઈ મોમાયા - 09890680400**

આવશ્યકતા પ્રમાણોનું દેવદ્રવ્ય ફાળવાને મંજૂરી આપવામાં આવી હતી.

મુંબઈ મહાજનની તા. ૨/૧૦/૨૦૧૩ ની સભામાં અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા હોપ ૧૦૦૦ સાથે સહયોગ સાધી રહેઠાણ યોજના કરવા માટે રૂા. ૧૪ કરોડ મંજુર કરવા સાથે એ યોજના લાંબો સમય માંગતી હોવાથી એ માટે ટ્રસ્ટ કે મહાજનની મુદત જેને ન નડે તેવી ચાર જણની સમિતિ નીમાઈ હતી. તેમાં ચાર નામ નવા ઉમેરવા માટેના અનુરોધ અંગે ચર્ચા વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે હોપ ૧૦૦૦ના પ્લોટનું ટાઈટલ કલીયર નથી, તેમજ તેના સંચાલકોમાં એ યોજના બાબત મતભેદો છે અને પ્લોટ ધારકો સાથે ય વિખવાદ છે એ વાત ધ્યાનમાં રાખીને અગાઉના એ ઠરાવ બાબત કાંઈ ન કરવું અને આખી બાબતને ભૂલી જવા જેવો ભૂતકાળ માનવી.

આ ચર્ચા દરમિયાન અનંતનાથજી ટ્રસ્ટના અગાઉના ટ્રસ્ટીઓ તથા મુંબઈ મહાજનની અગાઉની વ્યવસ્થાપક સમિતિ વતી તેના આગેવાનોએ મુદો ઉઠાવ્યો હતો કે હોપ ૧૦૦૦ની આખી યોજના અધ્ધરતાલ અને વિવાદાસ્પદ છે, તેની લગભગ આખી નાતને જાણ છે તે છતાં અનંતનાથજી ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીઓ દ્વારા અગાઉના ટ્રસ્ટીઓ કે મુંબઈ મહાજનના અગાઉના પદાધિકારીઓ સાથે વાતચીત કર્યા વિના યા મુદો કાર્યસૂચિ પર શા માટે લાવવામાં આવ્યો ?

પ્લોટ ધારકોના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે અમને ચો. ફુટના રૂા. ૨૭ના પડતર ભાવે મળેલ જમીન રૂા. ૧૫૦ના ભાવે વેચવામાં આવેલ છે. એ દષ્ટિએ અમારા તરફથી સમાજ માટે સારો એવો ફાળો અપાઈ ગયો છે. સંચાલકો અને પ્રારંભિક ફાળો આપનારાઓએ પોતાના પૈસા અમારી પાસેથી વસૂલ કરાયેલ રકમમાંથી પાછા મેળવી લીધા છે. તેથી એ જમીન પર માત્ર અમારો અને અમારો જ હકક છે. તેથી અત્યારે આ ઠરાવ રજૂ કરનારા કે અન્ય કોઈ યોજના બનવશે તો અમારે અમારા હિતો જાળવવા સક્રિય બનવું પડશે.

આ બાબત રહેઠાણ યોજના સાથે સંકળાયેલી હોઈ અનંતનાથજી ટ્રસ્ટનું વર્તમાન બોર્ડ રહેઠાણ યોજના બાબત માહિતી આપવામાં આવી કે ટ્રસ્ટ દ્વારા સર્વ પ્રથમ તો ડોંબીવલીના નવનીત નગરમાં જ્ઞાતિજનો માટે ૧૫૦ જેટલા આવાસ ફાળવવામાં આવે તે માટે કચ્છી જૈન ફાઉન્ડેશનને આવશ્યક ડોનેશન આપવાની તૈયારી બતાવવામાં આવી છે પણ ત્યાંથી યોગ્ય પ્રતિભાવ ન મળતાં હોપ વન થાઉઝન્ડ સહિતના અન્ય વિકલ્પો તરફ નજર દોડવવાની જરૂર પડી છે.

આ તબક્કે બૃહદ ક્ષેત્રે સંકળાયેલા ઘણા જ્ઞાતિજનોએ


## જશાપર ગામની મીટીંગ

જશાપર ગામવાસીઓને જય જિનેન્દ્રસહ જણાવવાનું કે **તા. ૨૬-૬-૨૦૧૬ વાર રવિવારને** સમય સવારના ૧૦ થી ૧૨ વાગ્યા સુધી A.G.M. (એન્યુઅલ જનરલ મીટીંગ) રાખેલ છે. તો સમય સર આવવા વિનંતી.

**એજન્ડા :**

૧) ગત સભાના મીટીંગનું વાચન અને બહાલી.
૨) ૧-૪-૨૦૧૫ થી ૩૧-૩-૨૦૧૬ સુધીના હિસાબની રજુઆત.
૩) પ્રમુખશ્રીની મંજુરી થી ચર્ચા

A.G.M. ની મીટીંગ પૂર્ણ થયા બાદ તેજ જગ્યાપર ચાર્તુમાસ વિશે ચર્ચા, વિચારણા તથા ચાર્તુમાસ કમીટી બનાવવા તથા અન્ય નિર્ણયો લેવા સભા મળશે.

ગામવાસીઓ તથા નિયાણી બહેનોએ પધારવા વિનંતી.

સમય : **સવારના ૧૨ થી ૨ વાગ્યા સુધી**

અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

**સ્થળ :** ''દેવપૂંજ'' હૉલ, વાલજી લધા ક્રોસ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

## શ્રી નલિયા નાગડા ગોત્રના શ્રી અંબાઈમાતાજીને નમતા ભાવિકો

**શ્રી નલિયા નાગડા ગોત્રના શ્રી અંબાઈ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડીનું આયોજનના કાર્યક્રમની રૂપરેખા**

**૪-૭-૨૦૧૬ સોમવાર, બપોરે ૧૨.૩૯ વિજય મુહૂર્તે**

શ્રી નમિઊણ પૂજન શ્રી કેવલભાઈ સાવલા એન્ડ પાર્ટીના સાનિધ્યમાં રાત્રે

૯.૦૦ કલાકે માતાજીની ભાવના શ્રી કિશોર સંગાર એન્ડ પાર્ટીના સથવારે

**૫-૭-૨૦૧૬ મંગળવાર, સવારે ૯.૩૦ કલાકે**

નવા વિવિધલક્ષી હોલનું ઉદ્‌ઘાટન અને વાસ્તુપૂજન બપોરે ૪ થી ૫ નાગડા પરિવારનો મેળાવડો રાત્રે ૯.૦૦ કલાકે દાંડિયા રાસ ગરબા

**૦૬-૦૭-૨૦૧૬ બુધવાર, સવારે ૧૦.૩૦ કલાકે**

માતાજીને પહેડી પ્રસાદ

**નોંધ :** કાર્યક્રમમાં પધારવા ઈચ્છતા દરેક ભાવિકો પોતાના નામો સમિતિના ભાઈઓ પાસે લખાવી દેવી જેથી જમવાની વ્યવસ્થા થઈ શકે.

મહેશ શામજી નાગડા - 9428684327 જુગલ માણેકજી નાગડા - 9978002772
મહેશ ખીમજી નાગડા - 9428749374 શ્રેણિક તેજપાળ નાગડા - 9426731684
ચેતન લહેરચંદ નાગડા - 9820105078

કચ્છી જૈન ફાઉન્ડેશનના આગેવાનો પર દબાણ લાવવી તેમની સહમતી મેળવવામાં મદદ કરવાની તૈયારી બતાવી હતી.

ચર્ચાના એક તબક્કે વર્તમાન ટ્રસ્ટ બોર્ડ અનંત છાયાના વેચાણથી આવેલા રકમના વ્યાજનો ઉપયોગ કરવા બાબત કેવી અગ્રતા રાખે છે એવો પ્રશ્ન વાડી માટે માંગવામાં આવેલી લોન સાથે સાંકળીને પૂછવામાં આવ્યો હતો અને સાથે એજ્યુકેશન મેડીકલ જેવી પ્રવૃતિને વિસારે ન પાડવા અનુરોધ કરવામાં આવ્યા હતો.

જોકે અનંત નિવાસ - અનંત ભુવન - અનંત સિધ્ધિ અને ડોંબીવલીથી આવેલા લોકોનો આગ્રહ હતો કે જૂની ભાડૂતી બિલ્ડીંગોના રીડેવલ્પમેન્ટ તથા રહેઠાણ યોજના પર વધુ ભાર અપાવવો જોઈએ.

છેવટે સમસ્ત મહાજનની મહાસમિતિ માટે ૬૬ પ્રતિનિધિ મોકલવાની બાબત હાથ ધરવામાં આવી હતી. મહાજનની વ્યવસ્થાપક સમિતિએ પોતે અગાઉ રજૂ કરેલી યાદીમાંથી મહાજનના કર્મચારીનું નામ ઓછું કરી તે અંગે સૂચનો આપવા સામાન્ય સભાને જણાવ્યું હતું.

કુલ ૧૦ નવા નામો આવતા ૯ બેઠકો માટે ચૂંટણી કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. જેમણે સ્વેચ્છાએ પોતાના નામો પાછા ખેંચવા હોય તે જણાવે એવો અનુરોધ કરાતાં ત્રણ નામો પાછા ખેંચાયા હતા. છેલ્લે છ નવા નામોને કેવી રીતે સમાવી લેવા તેની વિચારણા શરૂ થઈ.

એક સૂચન એવું આવ્યું અને અવાજ દ્વારા બહુમતીને પસંદ પડયું હોય એવું જણાયું કે આજની મીટીંગની કાર્યવાહીથી બતાવે છે કે જેઓ અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજન બન્નેમાં છે તેઓ કામના વધુ પડતા બોજથી દબાયેલા છે એટલે આ સંસ્થાઓનું કામ પણ વ્યવસ્થિત રીતે સંભાળી શકતા નથી એટલે તેમણે સમસ્તની મહાસમિતિ માટેના પોતાના નામ પાછા ખેંચી લેવા પહેલ કરવી.

સંબંધિતોએ તે સૂચન મંજૂર ન કર્યું પણ તેમના તરફથી એવી બાંયધરી આપવામાં આવી કે પોતાની યાદી આપનાર વ્યવસ્થાપક સમિતિ પોતે આપેલી યાદીમાંથી છ નામ ઓછા કરી બાકી રહેલા છ જણનો સમાવેશ કરી લેશે એટલે નવા દસ નામ જેના હોય તેમણે હાલ જ પોતાના સંમતિ પત્રક ભરી દેવા.

અંકદરે કહીએ તો આ સામાન્ય સભા વર્તમાન ટ્રસ્ટ બોર્ડ અને મહાજનની વ્યવસ્થાપક સમિતિના ૧૪ મહિનાની કામગીરી વિશે જ્ઞાતિજનોના જનમત - અભિપ્રાયની અભિવ્યક્તિ રૂપે હતી.


KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**જોઈએ છે**

સંસ્થાના જનરલ ઓફિસ કામ માટે જૈન ભાઈ. ગ્રેજ્યુએટ, ગુજરાતી અને અંગ્રેજી ભાષાનું તથા કૉમ્પ્યુટરનું જ્ઞાન જરૂરી. ઉંમર ૨૫ થી ૪૫ વર્ષ. અપેક્ષિત પગાર સાથે અરજી - બાયોડેટા નિમ્નલિખિત સરનામે મોકલવી.

(શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનને પ્રથમ પસંદગી)

**મેનેજીંગ ટ્રસ્ટી**
**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ**
કે/ઓ. શ્રી અનંતનાથજી દેરાસરજી,
૩૦૨-૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ**
**Iris** Banquette




Ideal For :
- ENGAGEMENT
- WEDDING
- BABY SHOWER
- CONFERENCE
- GET TOGETHER
- MEETING - SEMINAR &
- ALL JOYOUS OCCASION

- સગપણ વિધિ
- લગ્નોત્સવ
- શ્રીમંત પ્રસંગ
- કોન્ફરન્સ
- ગેટટુગેધર
- મિટીંગ - સેમિનાર

બધા શુભપ્રસંગો માટે આદર્શ

Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road,
Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.

આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સૌંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

# વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

આજથી ૧૫૦૦ વરસ પહેલા દેવચંદ નામનો કરાડ વૈશ્ય (વણિક) મારવાડથી ફરતો ફરતો કચ્છમાં માઁ આશાપુરાનું કચ્છમાં જ્યાં મંદિર છે ત્યાં આવ્યો. આસો માસ નવરાત્રિનો તહેવાર હોવાથી આ વણિક તેની વણજાર સહિત આ સ્થળે રોકાયો. એમને સંતાનની ખોટ હતી. માઁ ભવગતીને પ્રાર્થના કરી. માતાજી સ્વપ્નામાં આવી કહે તે જે જગ્યાએ મારી સ્થાપના કરી છે ''તે સ્થળે મારું મંદિર બંધાવજે. તેના મંદિરના દરવાજા છ માસ માટે બંધ રાખજો. છ મહિને હું મંદિરમાં પ્રગટ થઈ મનોકામના પૂર્ણ કરીશ.'' આંખ ખુલી તો દેવચંદ શાહે મસ્તક પાસે પથારી પર ચુંદડી ને નળિયેરે પડ્યા હતા. દેવચંદ શાહે છ મહિના રોકાવાનું નક્કી કર્યું. જ્યારે પાંચ મહિના થયા ત્યારે એક દિવસ સંધ્યા સમયે મંદિરમાંથી દેવીગાન, નગારા, ઝાંઝરના ઝંકાર સંભળાયા. માતાજીના દર્શનની ખુબ તાલાબેલી લાગી અને ઉત્કંઠાવશ તેણે મંદિરના દ્વાર ખોલી નાખ્યા. દેવીની પ્રતિમાના દર્શન થયા. વણિકને ભાન થયું ભુલથી દરવાજા વહેલા ખોલી નાખ્યા છે. માફી માંગી. દેવી કહે ''તારી ઉતાવળથી મારા સ્વરૂપનાં ચરણોનું પ્રાગટ્ય અધુરું રહી ગયું.'' વરદાન માંગવાનું કહ્યું. પુત્ર પ્રાપ્તિની માગણી દેવચંદ શાહે કરી જે માતાજીએ પૂર્ણ કરી. આ દેવચંદ શાહના વંશનો માહેશ્વરી વાણિયા તરીકે ઓળખાયા તેમાંથી કાળાતંરે કેટલાક માહેશ્વરીઓએ જૈન ધર્મ સ્વીકાર્યો.

માહેશ્વરી (કરાડ) વાણિયા મારવાડમાંથી આવીને કચ્છમાં વસ્યા છે અને કચ્છમાં બહારથી આવી પહેલા વસનારાઓમાંથી છે. અન્ય કથા મુજબ કચ્છનાં પ્રતાપી રાજવી લાખા કુલાણીના મિત્ર જામ કુલના કારભારી અજા અને અણગોર નામનાં બે વૈશ્ય બંધુએ આશાપુરાજીનું મંદિર બંધાવ્યું છે.

અન્ય કથા મુજબ ઈસ્વીસનની ૧૪મી સદીમાં જામ ઉન્નડે કચ્છથી સિંધ જતી વખતે અહીં રોકાણ કરેલ અને માતા હિંગળાજે દર્શન આપી મંદિર બંધાવવાનું કહ્યું, જે મુજબ નામ ઉન્નડના પુત્ર જામ બાંભણિયાજીએ ઘુમલી ઉપર જીત મેળવી પિતાની અપૂર્ણ આશા દેવીએ પુર્ણ કરી તેથી જગમમ્બાને આશાપૂરણ, આશાપુરા નામ આપ્યું.

સંશોધનકારો આ ત્રણે પ્રસંગમાંથી મારવાડના દેવચંદ શાહે નિર્માણ કર્યાની વાતને વધારે પ્રમાણભૂત માને છે. જ્યારે અજા-અણાગોર અને જામ બાંભણિયાએ જિર્ણોદ્ધાર કર્યા હશે એમ ઉમેરે છે. ઉપરોક્ત વિગતને આધારે કહી શકાય કે માહેશ્વરીનો કચ્છમાં વસવાટ ઘણો જુનો છે.

અન્ય એક નોંધ મુજબ વિક્રમની ૧૪મી સદીમાં અલાઉદીન ખીમજીએ સુમરીયો જે સિંધમાંથી ભાગી અને કચ્છમાં આવી જેમને અબડાજીએ આશરો આપેલ તેની સામે સંવત ૧૩૫૬માં યુધ્ધ કરેલું જે ૭૨ દિવસ ચાલ્યું. વડસરનો રાજવી અબડો અભંગ શરણાર્થીને ન સોંપવા બદલ લડ્યો. વડસર અને રામપરની વચ્ચે ડુંગર ઉપર યુધ્ધ થયું અને આખરે અબડોજી વીરગતિ પામ્યા. મૈશેરી પરિવારો પહેલા વડસર/રામપર વિસ્તારમાં રહેતા હતા. અલાઉદીન સામે તેઓ લડ્યા અને મોટા ભાગનાં મૈશેરી પરિવારનાં પુરુષો શહીદ થયા. એક પુરુષ અને ૨૭ સ્ત્રીઓ બચ્યા તેઓ કુકડાઉ ગામે વસ્યા અને ત્યાંથી જખૌ સ્થિર થયા.

આમ જોઇએ તો મૈશેરીએ ગોત્ર નથી પરંતું જ્ઞાતિ છે. જેમ ઓસવાલ ગોત્ર નહીં છતાં પરંતુ જ્ઞાતિ છે ઓસવાલનાં ઘણા લોકોએ પોતાનું ગોત્ર ઓસવાલ ચલાવ્યું છે તેવી જ રીતે મૈશેરી (મહેશ્વરી) બાબતે થયું છે. પ્રથમ વસતી પત્રકની નોંધ મુજબ આપણી જ્ઞાતિનાં ૫૦ ગામો હતા અને તેમાંથી ૧૯ ગામોમાં મૈશેરી ગોત્રના પરિવારોનો વસવાટ હતો. સંખ્યાની દૃષ્ટિએ જ્ઞાતિમાં ૭મું સ્થાન મૈશેરી ગોત્ર ધરાવે છે. જે જ્ઞાતિની વસતીનાં છ ટકાથી વધારે છે.

મૈશેરી ગોત્રની થોડી વંશાવલી મેળવી શક્યો છું તે અત્રે

## સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણી સંસ્થાઓ, કાર્યકર્તા અને આગેવાનો બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. આમ છતાં, સમાચાર મોકલનારા આ રીતે ટૂંકાવીને પ્રગટ થયેલા સમાચાર આ બાબત ફોન કરી કે પત્ર લખી તેમની મહત્વની વિગતો ન આપાઈ હોવા બદલ નારાજગી દર્શાવી ફરિયાદ-દલીલો કરે છે. આથી સૌને વિનંતી કરવાની છે કે ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ (કેટલીક વખત લાંબી યાદી હોય છે) દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતો ને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

રજુ કરું છું.

૧. લાલા : હંસકુમાર, દામજી, ખીંયસી, દેવસી, જેઠા, હીરજી, કાનજી, ખીમણાંધ, લીલાધર, આણંદ, નાંયા, સરીપાર, પાસડ, ભારીયા, હેમરાજ, ખેતા, રાજા, ભોજા, માલા, ભાખરસીં, દામોદર, ધરમસી, રામસી, કેશવ, પરખાં, માલા, કુપા, અજાણી.

૨. લાલા : કચરા, કલ્યાણ, લાડણ, મુરા, ખીંયસી, સોજપાર, હેમા, ગંગાજર, સરીપાર, પાસડ (આગળ નંબર ૧ મુજબ)

૩. લાલા : લખમસી, હીરજી, ધનપાર, હરપાર, મુરજી, લીલાધર, આણંદ.. (આગળ નં. ૧ મુજબ)

૪. કોઠારા : ચંદ્રકાંત, રાયચંદ, કુંવરજી, ખીંયસી, કેશવજી, ડુંગરસી, કોરસી, નારધ, લખમસી, નાંયા, સરીપાર, પાસડ... (આગળ નં. ૧ મુજબ)

૫. કોઠારા : મણીલાલ, દામજી, જેઠા, જીવરાજ, રાઘવજી, વેરસી, પત્રામલ, ખીંયસી, વીરમ, લખમસી, વેરસી, રાયસી, ભોજા, કચરા, ગેલા, ભીમસી, મેગરાજ, મણસી, મુરંગ, હીરજી, ભોજરાજ, ડાઈયા, પુનસી, દેધર, દેપાર, ખેતસી, વીરમ, મુરગ, ભારા, બધા, અજા, તોતા, ગેલા, આસુ

૬. નલીયા : દેવસી, આણંદ, ખીમજી, લીરધોર, વીરમ, લખમસી, વેરસી... (આગળ નં. ૫ મુજબ)

૭. વારાપધર : પરબત, જેઠા, ગંગાજર, ભીમસી, પદમસી, ઘેલા, જસા, ગંગાજર, સરીપાર, પાસડ, (આગળ નં. ૧ મુજબ)

૮. વારાપધર : નરસી, કેશવજી, કાનજી, ઉકેડા, મુરા, ખીંયસી, સોજપાર, હેમા, ગંગાજર, સરીપાર, પાસડ... (આગળ નં. ૧ મુજબ)

૯. પુનસી, આણંદજી, રામદાસ, વેરસી, સવગણ, વિસર, ગેલા, જસા, ગંગાજર, સીરીપાર, પાસડ.... (આગળ નં. ૧ મુજબ)

૧૦. રાપર : પારસ, પદમસી, કાનજી, ઉદેસી, કારેસી, જાધવ (આસારીયો ??) પુંજા, હેમા, જેઠા, અરજણ, કરમણ, માંયા, હેમા, નરપાર, પચાણ, પાસુ, આસુ.

૧૧. રતનશી, લાલજી, હેમરાજ, દેરાજ, ખીમા, કોડધર, હીરા, ભોજરાજ, કચરા, ઘેલા, ભીમસી, મેગરાજ, મણસી, મુરગ, હીરજી, ભોજરાજ, ડાઘા..... (આગળ નં. ૫ મુજબ)

૧૨. કોઠારા : મુરજી, ભીંયસી, પચાણ, આસદે, દેરાજ, તેજપાર, જીવરાજ, પુજા, કાના, ગેળા, હેમરાજ, ખોતા, રાજા... (આગળ નં. ૧ મુજબ)

૧૩. રાપર : કિશોર, જીવરાજ, માડણ, રાઘવજી, દેવજી, અરજણ, કરમણ, મલા, હેમા, નરપાર, પચાણ, પાસુ, આંસુ.

૧૪. જખૌ : વિરચંદ, જેઠા, દેવજી, ખીમજી, હંસરાજ, ગંગાજર, ઉદેસી, કોરસી, લાડણ, ભીમસી, ખીમજી, આસુ

૧૫. જખૌ : ઉત્તમ, ભવાનજી, ખીંયરાજ, ડોસા, નાથા, સવરાજ, દેરાજ, મુરીયા, લાડણ, ભીમસી, ખીમજી, આસુ.

૧૬. જખૌ : કુમાર, ખીમજી, પ્રેમજી, ટોકરસી, રતનશી, હરપાર, પાસવીર, ખીંયસી, પેથરાજ, મેરગ, મણસી, મુરગ, હીરજી, ભોજા... (આગળ નં. ૫ મુજબ)

૧૭. આણંદ, હીરાચંદ, જીવરાજ, સવસી, શામજી, કાનજી, નાગસી, ખીંયસી, ભારમળા, ભીમસી, મેગરાજ, મણસી, મુરગ, હીરજી, (આગળ નં. ૫ મુજબ)

૧૮. દામજી, સોદે, હીરજી, વીરમ, લખમસી, વેરસી, રાયસી, ભોજરાજ, કચરા, ગેલા, ભીમસી, મેગરાજ, મણસી, (આગળ નં. ૫ મુજબ)

૧૯. કુઆપધર : ખુશાલ, રાયચંદ, ખેતસી, સવજી, વીરઘોર, લધા, સરવણ, કાંયા, લાખા, હીરા, જસા, લુંભા, ભીમસી, ગેલા

૨૦. ખીમજી, ભાણજી, ગંગાજર, વેરસી, સરવણ, વીસર, ગેલા, જસા, ગંગાજર, સીરીપાર, પાસડ, ભારીયા, (આગળ નં. ૧ મુજબ)

૨૧. નરસી, કેશવજી, કાનજી, ઉકેડા, મુરા, ખીંયસી, સોજપાર, હેમા, ગંગાજર, સીરીપાર, પાસડ... (આગળ નં. ૧ મુજબ)

૨૨. ઉમરસી, દામજી, રતનશી, માડણ, ભીમસી, કાનજી, ખીમણાંધ, લીલાધર.. (આગળ નં. ૧ મુજબ)

૨૩. વારાપધર : મહેશ, દામજી, વેલજી, રતનશી, નાથા, આસુ, મુરજી, નરસી, લખમસી, નાંયા, સીરીપાર, પાસડ... (આગળ નં. ૧ મુજબ) - ક્રમશઃ

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

## અબડાસાવાસીઓ માટે આનંદ સાથે હરખની હેલી : ભુજ નલીયા બ્રોડગેજનું કામ ચાલુ થયું

પશ્ચિમ રેલ્વે દ્વારા ભુજ-નલીયા રેલ્વે ગેજ રૂપાંતરનું કાર્ય શરૂ કરી દેવાયું છે. આ ૧૦૧ કી.મી. ની લાઈન વચ્ચે ૧૧ સ્ટેશન આવે છે. ૧૬ મોટા પુલ તથા ૨૭૦ નાના પુલો આવે છે. પરિયોજનાનો ખર્ચ ૩૨૧.૬૨ કરોડ લાગશે. કાર્ય માર્ચ ૨૦૧૯માં પુરું થશે.

આયોજનાથી અબડાસા તાલુકાને દેશનાં વિશાળ નેટવર્ક સાથે જોડાણ મળશે. અમદાવાદ-મુંબઈ અને અન્ય મહત્વનાં શહેરો સાથે સીધું ટ્રેન જોડાણ મળશે. રેલ્વે જોડાણને કારણે આ વિસ્તારની ઔદ્યોગિક વૃધ્ધિ થશે. ગાડીઓનું સીધું જોડાણ ઉપયોગી બની રહેશે.

રેલ્વે વિસ્તરણ અને કચ્છ પેસેન્જર્સ એસો. ભુજનાં પ્રમુખ એ.વાય આકબાની, મંત્રી પ્રબોધ મુનવર, રજની પટવા, ગીરીશ જોષી તથા સમગ્ર ટીમે તથા ભુજ રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિના સભ્યોએ નલીયાની મુલાકાત લઈ ગામનાં આગેવાનો સાથે મીટીંગ યોજી હતી. અને સ્થાનિક આગેવાનોનાં મંતવ્યો જાણ્યા હતા. રેલ્વે સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન શ્રી દિનેશભાઈ ત્રિવેદીએ દિલ્હીથી મોબાઈલ ફોન દ્વારા અબડાસાનાં નલીયા મથકે એકઠા થયેલા કાર્યકરો સાથે ચર્ચાઓ કરી હતી અને રજુઆતો - માગણીઓમાં સાથ પૂરાવ્યો હતો.

ભુજ-નલીયા ગેજ પરિવર્તનનું કામ ઝડપી પુરું થાય, ફંડ તુરત ફાળવવામાં આવે તેવી રજુઆત કરવા વગદાર આગેવાનોનું એક પ્રતિનિધિ મંડળ દિલ્હી મધ્યે રેલ્વેમંત્રીશ્રીને સાંસદ વિનોદભાઈ ચાવડા અને દિનેશભાઈ ત્રિવેદીને સાથે રાખીને મળશે.

પ્રથમ તબક્કે પચાસ કરોડ ફાળવવામાં આવતાં કામ ચાલી રહ્યું છે. બીજા તબકકામાં એકસો કરોડ ફાળવવા રજુઆતો થઈ છે. નલીયા રેલ્વે સ્ટેશનની પણ આ સમિતિએ મુલાકાત લઈ શ્રી જુવાનસિંહભાઈ જાડેજા નાં બંગલે નલીયા અને અબડાસાનાં આગેવાનોની વિશાળ ઉપસ્થિતિમાં ચર્ચાઓ હાથ ધરી હતી. આમ અબડાસાના વિકાસના દ્વાર ખુલશે. વર્ષો જુનું સ્વપ્નનું સાકાર થશે. **- પ્રબોધ મુનવર,** ભુજ-કચ્છ

---

**(મને વ્હાલું લાગે (૨) દાદા તારું નામ એ રાગ)**

મને વ્હાલો લાગે (૨) મંત્ર નવકાર
તન મન ધ્યાન નવકારની માળામાં

ઓમ નમો અરિહંતાણં જપતાં, અંતરમાં આનંદ થાયે,
ઓમ નમો સિધ્ધાણં જપતાં, શિતલતા અંગે વ્યાપે,
હું તો જપ્યા કરું (૨) મંત્ર નવકાર... તન મન ધ્યાન

ઓમ નમો આયરિયાણ જપતાં, આધિ વ્યાધિ ટળે,
ઓમ નમો ઉવજ્જાયાણં જપતાં, શિતલતા અંગે વ્યાપે,
હું તો જપ્યા કરું (૨) ઉરમાં ઉમંગ વધે... તન મન ધ્યાન

નમો લોએ સવ્વ સાહુણમ્ જપતાં, લોહી શુધ્ધ થાયે,
એસો પંચ નમ્મુકારો, મારા રોમ રોમમાં રમે,
હું તો જપ્યા કરું (૨) મંત્ર નવકાર... તન મન ધ્યાન

સવ્વ પાવ પણાસણો જપતાં, શરીર સારું રહે,
ટી.બી, કેન્સર, ડાયાબીટીસ, સર્વે બિમારી ભાગે,
હું તો જપ્યા કરું (૨) મંત્ર નવકાર... તન મન ધ્યાન

મંગલાણંચ સવેસ્સિ જપતાં, મંગલ મય જીવન બને
પઢમં હોઈ મંગલમ્, મંત્ર હરનીશ પ્રેમીલા જપે,
હું તો જપ્યા કરું (૨) મંત્ર નવકાર... તન મન ધ્યાન

પ્રેમિલાબેન પ્યારથી પ્રભુ, મંત્ર તમારું જપે,
શ્વાસે શ્વાસે સમરે તમોને, રાત દિન રટતી રહે,
હું તો જપ્યા કરું (૨) મંત્ર નવકાર... તન મન ધ્યાન

**- પ્રેમીલા શાંતિલાલ નાગડા,** નલીયા-મુલુંડ

---

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

આ વખતે હાડકાનો કેમ્પ શનિવાર, તા. ૨૫-૦૬-૨૦૧૬ના બપોરના ૩.૩૦ વાગ્યાથી ૫.૦૦ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૫-૦૬-૨૦૧૬ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૩.૩૦ વાગ્યા સુધી તથા રવિવારના સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## શૈશવના સંસ્મરણો

જૂન માસ આવ્યો અને ગ્રિષ્મ કાલીન રજાઓની થઈ પૂર્ણાહુતિ. નવા વર્ગમાં નવા નવા ચહેરાઓ સાથે પૂનઃ બેસવાનું, નવો અભ્યાસક્રમ શિખવાનો, બાળપણ એટલે ૪ વર્ષથી ૧૪ વર્ષનો કાળ... એવો સુવર્ણ યુગ કે જ્યારે ના કોઈ ભવિષ્યની ચિંતા... ના કોઈ જવાબદારી, હા વર્ષ બગડે માટે વાર્ષિક પરીક્ષા સમયે ભણવામાં ધ્યાન રાખવાનું બાકી તો બસ પોતાનામાં જ મસ્ત રહેવાનું.

ગ્રિષ્મકાલીન રજાઓના કદાચ કોઈ હીલ સ્ટેશને ગયા હોઈશું, કદાચ કોઈ લગ્ન પ્રસંગે ગયા હોઇશું અથવા હરવા - ફરવાના નવા નવા સ્થળોએ ફર્યા હોઈશું, પણ કેટલા દિવસ? પૂર્ણ વેકેશન તો નહીં જ ને ? તો શું કર્યું સમગ્ર રજાઓ દરમ્યાન આવો પ્રશ્ન સહજ ઉદ્‌ભવે.

મારા બાળપણ દરમ્યાનની વાત કરું તો રહેવાનું મસ્જીદબંદરની ચાલી સીસ્ટમવાળા મકાનમાં. રવિવાર કે તહેવારોની રજાઓ હોય કે વેકેશન, જગ્ગુ, નિતીન, ટપ્પુ, વિજયા, નીતા વગેરે અને સૌ હાજર પ્રાંગણમાં લઈને લખોટી, રચ્યું વર્તુળ અને મુકી નિયમાનુસાર અને વારાફરતી દાવ રમતા, જીતી જનારના મોઢે મુશ્કાન અને હારનારને પણ કોઈ સંતાપ નહીં.

લખોટીથી કંટાળ્યા તો ગીલ્લી-ડંડા રમવાનું, ગલીમાં ગર્દી થાય તો ચોગાનમાં થપ્પો કે ડબા આઈસપાઈસ રમવાની, એક થી દસ ગણવાનું ત્યાં તો સર્વે સંતાઈ જતાં અને દાવ દેનાર ખુણે - ખાચરેથી શોધી તેમનો થપ્પો કે ડબ્બા આઈસપાઈસ કરવાની.

બેસીને ચાલીમાં કે ઘરમાં રમવું હોય તો સાપસીડી-લ્યુડો, શૂન્ય ચોકડીની રમત, ગંજીફાની વિવિધ નિર્દોષ રમતો રમવાની, રમકડાની ઘરવખરીથી ઘરઘર પણ રમવાનું. નવો વ્યાપાર રમતા રમતા ધંધાકીય જ્ઞાન પણ મેળવવાનું, બુદ્ધિ ચાતુર્યની રમત ચેસ તો જાણે ચાલુ જ હોય તેમ રમ્યા કરવાની, આટલી રમતોથી કંટાળ્યા તો કેરમ રમવા બેસી જવાનું, જે એકલા પણ રમીએ અને સાથીદાર બનાવીને પણ રમવાનું.

સાત ટપરીઓની લગોરી રચવાની અને ગેંદ દ્વારા ફોડવાની અને લગોરી મુકવા આવે તેને બોલ મારી આઉટ કરવાનું. કોડી લાવી ચાર જણની શતરંજ રમવાની, કાચની તુટેલી બંગડીઓ ભેગી કરી વર્તુળાકાર બેસવાનું જેનો દાવ આવે તે નાખે ટુકડાઓ અને એક એક ટુકડો કરતા કાઢવાનો


વિમા માટે મહત્વનું માર્ગદર્શન

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA



આપ આપનો કોઈપણ વિમો રીન્યુ કરતા હોવ અથવા કોઈ પણ નવી પોલીસી કાઢવાનું વિચારતા હોવ તો પહેલા એકવાર જરૂરથી સંપર્ક કરો.

bipinnagda@gmail.com
093235 25000 / 02522 254012/13

સૌથીર બહેતર - સસ્તી - વધારે ફાયદાવાલી ઝડપી સંપૂર્ણ ક્લેમ કોઈ પર કપાત વિના મળે તેવી દરેક વિમા પોલીસીનું માર્ગદર્શન ફ્રી આપવામાં આવશે.

કાર, ટ્રક, મેડીક્લેમ, વર્કર, મશીનરી, ગોડાઊન, ઘર, સોસાયટી, ફેક્ટરી, ઓફીસ, પર્સનલ એક્સીડંટ, L.I.C. Policy, વિદેશમાં ફરવા અથવા ભણવા અથવા Business Tour પર જતા હોવ...

કોઈપણ પ્રકારના વિમા એકજ ક્ષત્ર નીચે સુંદર, સસ્તા, ટીકાવ વિમા-ઝડપી ફટાફટ ક્લેમ મળે તેવા વિમા.

અને ધ્યાન પણ રાખવાનું બીજો ટુકડો હલી ના જાય તેનો, અન્યથા આઉટ.

લંગડી પકડદાવ, ખો ખો તો દૈનિક રમતો રમતી, ક્યારેક સાંકડી પણ રમી લેતા, દોરડા કુદવાના. વાંસની દાંડી સાથે જોડાયેલ કાગળની ચકરડી લઈને દોડવું અને ફરતી ચકરડી જોઈ ખુશ થવું. ભમરડો ફેરવવો, ફરતા ભમરડાને હાથ ઉપર લઈ બીજાના ભમરડાને દૂર ધકેલવો. આરસના નાના લખોટાથી કોયબા રમવાનું જેમાં દૂરથી બે ગોટા એક વર્તુળમાં નાખવાના અને હરીફ કહે તે ગોટાને દૂરથી મારવાનો.

ઘરે એકલા બેસીને પણ ગંજીફાની ઢગલાબાજી રમવાની, સાબુના પાણીના ફુગ્ગા બનાવી ઉડાવવા, મદારી ને વાંદરાના ખેલ જોવાના. દૂર મોટા મેદાનમાં સરકસ આવે તો કલાકાર કસબીઓના કરતબ અને જોકરના અટકચાળા જોઈ આનંદ લુટવાનો, આનંદ મેળો ભરાય તેમાં નાના મોટા ચકરડામાં ફરવાનું, પીપુડા ખરીદી વગાડવાના, બાયોસ્કોપમાં આવતા ચિત્રો જોવાના.

રમત રમતા મારા મારી પણ થતી.. વિવાદ પણ થતો.. પણ સાંજ પડે કે બીજી સવારે પાછા એકઠા થઈ ધીંગા-મસ્તી ને ધમાલ કરતા, ઘરે આવવાની હાકલ પડે તો 'આવું છું' 'આવું છું' કહી પંદર-વીસ મિનિટ તો કાઢી જ નાખવાની, પાશ-પડોશની રાવ ઘરે જાય તો માના હાથનો મેથીપાક પણ ખાવાનો.

આ બધી રમતોમાં ખર્ચ ઓછો અને આનંદ વધુ, અનાયાસે વ્યાયામ કે પણ થઈ જાય. મનોરંજન પણ મળે, બહારની શુદ્ધ હવા પણ મળે અને બુદ્ધિ પ્રતિભા પણ ખીલે. ક્યારેય સવાલ જ મનમાં ના ઉદ્ભવતો કે કંટાળો આવે છે, શું કરીશું. દરેક રમતોનું પોતાનું વૈશિષ્ટ હોય અને હાર-જીત પણ હોય. આવી રમતોમાં વ્યુહરચના ઘડવી, જોખમ લેવું, આગેવાની કરવી, નિશાન તાકવા ઈત્યાદિ પણ શીખવા મળતું સાથોસાથ શરીર ખડતલ, સુડોળ, કસાયેલું બને તે નફામાં. ભિન્ન ભિન્ન ધર્મ-જ્ઞાતિના લોકો સાથે રમતા તેમની વાણી-ધર્મ વૈવિધ્યતા પણ સમજાય.

આજના પ્લેસ્ટેશન, ગેઝેટના જમાનામાં આ બધી રમતો આઉટ ડેટેટ થઈ ગઈ છે જેનું સ્થાન લઈ લીધું છે વીડીઓ ગેમ, આઈપેડ કે કેમ્પ્યુટર - ટેબલેટે. ગેમ એપ્લીકેશન ડાઉન લોડ કરી, દબાવ્યા બટન આમ તેમ આડા-અવળા, બસ સ્પર્ધક પણ આપણે અને હરીફ પણ આપણે, વિજય પણ આપણો અને પરાજાય પણ ! પરંતુ તેમાં અસલ રમતોની મૌલિકતા, મજા કે ઉલ્લાસ ઉમંગ ક્યાં ? ત્યારે દયા આવે છે આધુનિકતામાં ઉછરેલ બાળકો અને તેના બાળપણની.

તહેવાર કોઈપણ આવે જોડાઈ જવાનું હોંશભેર, ઉતરાયણમાં કપાયેલ પતંગો ભેગી કરવા દોડાદોડી કરવાની, નવરાત્રીમાં સ્તુતિ બોલવા માઈક માટે પડાપડી કરવાની. ગરબા અને દાંડિયા તો રમવાના જ, જ્યાં સુધી ઢોલ વાગે ત્યાં સુધી, બેસતા વરસે નવા વસ્ત્રો પરિધાન કરી ઘરે ઘરે સાલમુબારક કરી મોઢું મીઠું કરવાનું, ગણેશ ઉત્સવમાં પ્રસાદના બહાને વારેઘડી દર્શન કરવા જવાનું, રાત્રે રસ્તા ઉપર મોટી સ્કીન ઉપર ચલચિત્રો જોવાના, હોળી તો ભાઈ ધરાઈને રમવાની. ગુડીપડવો અને મહારાષ્ટ્ર દિનના સંધ્યાટાણે મોટા ઢોલના તાલે ઘાટીમામાઓની સાથે તાલ મેળવતા લેઝીમના દાવ પણ રમવાના.

જિંદગીના ઉત્સાહ, ઉમંગ અને સ્વપ્નોથી ભરેલા એ માસુમ દિવસો જાણે બહુ પાછળ છૂટી ગયા હોય એમ લાગે છે, દિવસભરની એ ધમાચકડી, બાળકોના ટોળા હવે ક્યાં દેખાય છે ? ઉંમરને લગતી તે ચંચળતા, બાળસહજ મસ્તીઓ, અલ્લડપણુ હવે ક્યાં રહ્યું છે ?

આમ આજે ક્રિકેટના ક્રેઝમાં વિસરાઈ ગયેલ રમતોની સાથે જ ખોવાયેલ શૈશવ યાદ આવે છે ત્યારે પુનઃ ભૂતકાળના સુમધુર સંસ્મરણોમાં સરી પડવાનું મન થઈ જાય, પુનઃ કિલ્લોલ કરતા બાળક બની જવાનું મન થાય છે, કારણ તે રમતો જ મારું, તમારું કે આપણું બાળપણ હતું.

**ના કંઈ મેળવવાની આશા, ના કોઈ ખોવાનો ડર,**
**બસ પોતાની જ ધૂન, પોતાના જ સ્વપ્નાઓનું ઘર,**
**કાશ... કયાંક મળી જાય પુનઃ મને બાળપણનો પ્રહર.**

**- જ્ઞાનેશ જયચંદ લાપસીયા**, મુલુંડ, ચેકનાકા.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પૂ. મુનિ શ્રી જગવલ્લસાગરજી મ.સા.નું ચાતુર્માસ ગદગમાં

પ.પૂ. મુનિરાજ શ્રી જગવલ્લભસાગરજી મ.સા.નું સંવત ૨૦૭૨ની સાલનું ચાતુર્માસ ગદગ શ્રી ક.દ.ઓ અચલગચ્છ જૈન સંઘને પ્રાપ્ત થયું છે.

ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૭ના સોમવાર તા. ૧૧.૭.૨૦૧૬ના સવારે ૯.૩૦ કલાકે થશે. શ્રી જગવલ્લભસાગરજી મ.સા.નો ગદગ નગર પ્રવેશ રવિવાર તા. ૩.૭.૨૦૧૬ ના થશે.

## રાયધણજર ગામે ચાતુર્માસ

રાયધણજર ગામમાં શ્રી આદેશ્વરદાદાનું પ્રાચીન તીર્થ ૨૨૬ વર્ષ જુનું છે. જેમાં આ વર્ષે પ.પૂ. સા.શ્રી વિશ્વોદયશ્રીજી મ.સા ની શિષ્યાઓ પૂ. સા.શ્રી ચારૂગુણાશ્રીજી મ.સા., પૂ. સા.શ્રી જીતગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સા.શ્રી ચિંતનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ નું ચાતુર્માસ છે.

પૂ.મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ તા. ૧૦.૭.૨૦૧૬ ના સવારના ૯.૦૦ વાગે થશે. સંઘ તરફથી ૪ મહીના રસોડું ચાલુ હશે. સંપર્ક : **કેશવજી ધારશી ગડા** મો. ૦૯૩૨૨૨૭૧૭૩૪

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુના

પુના પધારેલા અચલગચ્છના પુજ્ય સાધ્વીજી સંયમગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ચાર તા. ૧.૬.૨૦૧૬ના કોંઢવા લુલાનગર પરિસર ખાતે સ્થિત ધરમશી કમ્યુનીટી સેંટરની જમીન, જ્યાં જ્ઞાતિનું જિનાલય, ઉપાશ્રય, સિનિયર સિટીઝન હોમ એટલે કે વડીલ વંદના, કમ્યુનીટી હોલ તથા સુંદર આવાસ યોજના સાકાર લેશે ત્યાં પધાર્યા હતા. આ સુવિધાઓનું નિર્માણ શ્રી સંજય ધરમશી તથા જે. ડી. રોડલાઈન્સ દ્વારા કરાશે.

આ શુભ પ્રસંગે પુના સંઘના છ વરસીતપના આરાધકોમાંથી ચારની ઉપસ્થિતીમાં શાતા પુછવાનો કાર્યક્રમ યોજાયેલ. વરસીતપના આરાધકોના સત્કાર કરવાનો લાભ શરદ કાંતિલાલ નાગડા પરિવારે, નવકારશીનો લાભ માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ લોડાયા પરિવારે તથા ગુરુ પુજનનો લાભ પિયુષભાઈ દંડ, મિલીંદ પટેલ અને મનોજભાઈ ધરમશી પરિવારે તેમજ કામળી વ્હોરાવવાનો લાભ શ્રી ખુશાલ મહેશ્વરી તથા રતિલાલ ધરમશી પરિવારે લીધેલ.

આયોજનને સફળ બનાવવા શ્રી સંજયભાઈ ધરમશી પરિવાર, શ્રી દિનેશભાઈ લોડાયા પરિવાર તથા ખુશાલભાઈ મહેશ્વરીનો નેતૃત્વમાં સંઘના કાર્યકરોએ જહેમત લીધી હતી.

## શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

વડાલા નગરે આગામી ચાતુર્માસમાં ધાર્મિક આરાધના કરાવવા પ.પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા. પધારશે. પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૧૦ ને ગુરૂવાર તા. ૧૪ જુલાઈ ૨૦૧૬ના શુભ દિવસે છે. વિશેષ માહિતી : **સુશીલાબેન ચંદુલાલ ધરમશી** – મો. ૯૭૬૯૧૧૧૦૩૪

## શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

વડાલા નગરે નાના બાળકોને ધાર્મિક અભ્યાસ અને જ્ઞાન સાથે ગમ્મત કરાવતી અને ભારતભરમાં આવકાર પામેલ શાઈનિંગ સ્ટાર પાઠશાળા શનિવાર તા. ૨૩.૭.૨૦૧૬ થી બપોરના ૩ થી ૫ના શરૂ થશે. ફી વાર્ષિક રૂા. ૧૦૦૦/-.

સંપર્ક : કીરણ વેરસી ગડા મો. ૦૯૦૨૯૨૭૩૯૭૦

## શ્રી ક.દ.ઓ. મહિલા મંડળ ગાંધીધામ દ્વારા એપ્ટીટ્યુડ ટેસ્ટ

શ્રી. ક.દ.ઓ. એકતા મહિલા મંડળ ગાંધીધામ દ્વારા 'એપ્ટીટ્યુડ ટેસ્ટ'નું આયોજન ૩ જૂન ૨૦૧૬ ના રોજ રાખવામાં આવેલ. તે મુંબઈ મહાજન અને શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને મંડળની સમિતી મેમ્બર દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ.

મીનાબેન લાલકાએ પધારેલાને આવકાર્યા હતા.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


**રેને થૉન :** કચ્છ યુવક સંઘ દ્વારા, કચ્છી નવ વર્ષની ઉજવણી નીમિત્તે તા. ૭.૭.૨૦૧૬ના બોરીવલી ખાતે કચ્છીઓ માટે આ 'દોડ' નું આયોજન કરાયું છે. શુભેચ્છાઓ.. સૌ કે.ડી.ઓ ને જોડાવવા માટે અનુરોધ છે.

– ચીમન મોતા *તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

ભાવિકાબેને કેરીયર ગાઈડન્સ વિશેની માહિતી વિદ્યાર્થી અને વાલીઓને આપી. તેમજ વિદ્યાર્થીઓના વિવિધ ટેસ્ટ લીધા હતા. ટેસ્ટ ચેકીંગ કર્યા બાદ બધા વિદ્યાર્થીઓનું તેમના વાલીઓ સાથે કાઉન્સલીંગ કરીને તેમના માટે શેમાં કેરીયર બનાવવું સારું રહેશે તે વિશે ગાઈડન્સ આપ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન દિપ્તીબેન ધરમશી અને આભાર વિધિ લિપિકાબેન મૈશેરી દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમમાં મોમન્ટો અને શાલથી ભાવિકાબેન, ભાગ્યેશભાઈ અને કમલેશભાઈ નું સન્માન કરવામાં આવ્યું હતું.

કમિટી મેમ્બરમાં કલ્પનાબેન મોતા, કસ્તુરીબેન નાગડા, નિર્મલાબેન લાલકા, દિપ્તીબેન લોડાયા, તરલાબેન, મૃદુલાબેન નાગડા અને ભાવિનીબેન દંડે પણ કાર્યક્રમ સફળ બનાવવામાં મદદ કરી હતી.

**ભુજમાં પર્યાવરણ દિનની ઉજવણી**

માનવજ્યોત સંસ્થા ભુજ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનાં સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ દિવસની ઉજવણી **શ્રી પ્રબોધ મુનવરના** માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. વૃક્ષારોપણ કરવામાં આવેલા તેમજ કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવેલ.

**ભુજમાં મહાવીર ખીચડી ઘર**

**શ્રી પ્રબોધ મુનવરનાં** માર્ગદર્શન હેઠળ ચાલી રહેલ દર રવિવારીય પ્રવૃતિ ''મહાવીર ખીચડી ઘર'' વર્ધમાનનગર કચ્છનો નવમાં વર્ષમાં પ્રવેશ થયેલ છે.

સતત આઠ વર્ષથી દર રવિવારે સવારે ૭ વાગે સંસ્થાનાં સભ્યો નવકારમંત્ર અને સ્તવનોની રમઝટ બોલાવતાં શ્રમજીવી પરિવારોનાં ઝુંપડે પહોંચે છે. તેમને લાઈનમાં બેસાડી નવકારમંત્રનું શ્રવણ કરાવી મિષ્ટાન્ન-ફરસાણ સાથેનું ભોજન પીરસવામાં આવે છે. દર રવિવારે ૨૫૦ રંક બાળકો તથા શ્રમજીવીઓ આ ખીચડી ઘરનો લાભ લઈ રહ્યા છે.

**શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)**

શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ દ્વારા ચાલીસગામમાં દર બુધવારના ગરીબોને ભોજન કરાવવામાં આવે છે. પાચોરામાં પણ દર શનિવારે ભોજન કરાવવાનું કાર્ય ચાલુ છે.

**સાધર્મિક ભક્તિનો લાભ લેનાર દાતાઓના નામઃ** ૧) મીરાબેન દેવચંદ ધરમશી (માટુંગા) ૨) પ્રજેશભાઈ નાગડા (હુબલી) ૩) દેવકાભાઈ શામજી મૈશેરી, લતા ભવાનજી મૈશેરી (મુંબઈ- પાણીના પરબ ચાર મહિનાના દાતા : માર્ચ, એપ્રીલ, મે, જુન)

દર બુધવારના ગરીબોને ભોજન કરાવનાર દાતાઓ : **નકરો.** ૧) મનીષ સુમતીચંદ લોડાયા (નાશિક) ૨) લક્ષ્મીબેન નરશી લોડાયા (ચાલીસગામ) ૩) ચંદ્રકાંતભાઈ વેલજી ખોના હ. જલ્પા, પલ્લવી, સાગર ખોના (ડોંબિવલી) ૪) મનીષ ભવાનજી લોડાયા (ચાલીસગામ)

**શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી આયોજિત સાંસ્કૃતિક હરિફાઈ**

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા (બે રવિવાર) રવિવાર : તા. ૧૦/૭/૨૦૧૬ અને તા. ૧૭/૭/૨૦૧૬ ના બપોરે ૧.૩૦ કલાકે થી કે. બી. વીરા હાઈસ્કુલ, ડોંબિવલી (પૂર્વ) ખાતે સાંસ્કૃતિક હરિફાઈનું આયોજન કરવામાં આવેલ છે.

**શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી આયોજિત બાળકોની પિકનિક**

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા મંગળવાર તા. ૨૪/૫/૨૦૧૬ના એક દિવસીય પિકનીક જ્ઞાતિના ભૂલકાઓ માટે ગ્રેટ એસ્કેપ રિસોર્ટમાં આયોજન કરવામાં આવેલ. કુલ ૫૩ જણની એક બસ કરવામાં આવેલ.

**શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા ડાયાબિટિઝ પર ફ્રી સેમિનાર**

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીઓ ડાયાબિટિઝ રોગ પ્રત્યે જાગૃતતા કેળવવા એક લેક્ચરનું આયોજન તા. ૧૮/૬/૨૦૧૬ના શનિવારે સાંજે ૩.૩૦ કલાકે મંડળના કાર્યાલયમાં કર્યુ છે. જે સમજાવવા આપણાંજ જ્ઞાતિના ડૉક્ટર્સ અપર્ણા રિતેશ નાગડા (નલિયા) પધારશે.

**શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીનો શૈક્ષણિક સમારોહ**

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા તા. ૫/૬/૨૦૧૬ ના રોજ 'રોટરી હૉલ'માં આયોજીત ૪૦મા શૈક્ષણિક સમારોહનું આયોજન થયું હતું.

માનદ્‌મંત્રી શ્રી અરવીંદભાઈ એ સૌને આવકારી

**બીલની ચૂકવણી સમયસર કરો**

**વારંવારની વિનંતી છતાં કેટલાક લોકો બીલની ચૂકવણીની બાબતને ગંભીરતાથી લેતા નથી. એ ધ્યાનમાં લઈ નિયમ લાગુ કરવામાં આવ્યો છે કે જે સંસ્થા/વ્યક્તિ/મહાજનની જાહેરાતના બીલની ચૂકવણી બે મહીનામાં નહીં થઈ હોય તેમની આગામી જાહેરાત પ્રકાશિત કરવા પહેલાં બીલ-બાકી તથા આગામી જાહેરાતની રકમ ભેગી ચૂકવવાની રહેશે.**

શૈક્ષણિક ના મુખ્ય દાતાશ્રીઓનો પરીચય આપ્યો, પ્રમુખસાહેબ શ્રી રાયચંદભાઈ જીવાણીએ આવકાર પ્રવચનમાં મંડળની ચાલતી પ્રવૃતિઓ પર પ્રકાશ પાડ્યો, શૈક્ષણિક ચેરમેન શ્રી સંજય મણીલાલ નાગડાએ ઉત્તીર્ણ થયેલ સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન આપી, શૈક્ષણિક અહેવાલ આપ્યો.

નોટબુકના મુખપૃષ્ઠના દાતાશ્રી પૂજ્ય માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા, દફતરના દાતાશ્રી માતુશ્રી સુશીલાબાઈ કાંતીલાલ ધરમશી, ગણવેશના દાતાશ્રી શ્રી કુમારપાળ કાનજી મોમાયા અને શ્રી નિરંજન કેશવજી મોમાયા, શાળાના ઉપકરણના દાતાશ્રી માતુશ્રી ધનબાઈ રામજી માણેકજી નાગડા, ઈનામ વિતરણના દાતાશ્રી શ્રી પાર્શ્વીર વીરજી નાગડા તથા માતુશ્રી મોંઘીબાઈ પદમશી લોડાયા, કાયમી શૈક્ષણિક ફંડના કુપન વિજેતા કુ. વિદિશા કાંતિલાલ દંડએ સર્વે દાતાશ્રીઓનું બહુમાન કર્યું.

વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં ઉત્તીર્ણ થયેલ ૧ થી ૯ ધોરણના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના પ્રથમ અને દ્વિતિય સ્થાને આવનાર વિદ્યાર્થીઓ નું ટ્રોફી - સન્માનપત્ર તેમજ ઈનામ આપી બહુમાન કરવામાં આવેલ.

**શ્રી ક.દ.ઓ મંડળ ડોંબીવલીનો સિનિયર સિટિઝનનો મેળાવડો**

શ્રી ક.દ.ઓ મંડળ ડોંબીવલી આયોજિત સિનિયર સિટિઝનનો મેળાવડો તા. ૫/૬/૨૦૧૬ ના રવિવારે રોટરી હૉલ ખાતે સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાકે રાખવામાં આવેલ. સિનિયર સિટિઝન માટે દાંડિયા રાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં મટુકડી, કચ્છી ધમાલ, ગરબા તેમજ દાંડિયા રાસ રાખેલ. ૧૦૩ જેટલાં વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

વડીલોએ જુસબ ઢોલીના સથવારે મન મૂકીને જયેષ્ઠ વયે પણ સુંદર તાલ સાથે કચ્છી ધમાલ, દાંડિયા રાસ વગેરે ટ્રેડીશનલ વેશ પરિધાન કરીને ભાઈઓ અને બહેનો ઉત્સાહથી ઉમંગભેર રમ્યા.

વિજેતા પુરૂષો : પ્રથમ - ઝવેરચંદ કેશવજી લોડાયા (સાંયરા), દ્વિતીય - જેઠાલાલ ઠાકરશી લોડાયા (જખૌ), ઉત્તેજનાર્થ - સુરેશ વાલજી મોમાયા (સાંયરા), હીરાચંદ નરશી શિયાડ (જખૌ), રતિલાલ શામજી મોમાયા (વરાડીયા) અને વિજેતા મહિલાઓ : પ્રથમ - રમીલાબેન ઉમરશી છેડા (સુથરી), દ્વિતીય - સરલા રાયચંદ પોલડીયા (ડુમરા), ઉત્તેજનાર્થ - જયાબેન સુરેશ મોમાયા (સાંયરા), કસ્તુરબેન ખેતશી શિયાડ (જખૌ).

આ કાર્યક્રમ ના કન્વીનર શ્રી હેમંત ધુલ્લા હતા અને તેમને ઉર્મિલાબેન લાલકા, કવિતાબેન ખોના, ઉર્વિ મૈશેરી, ભાવનાબેન મોમાયાએ સાથ સહકાર આપેલ.

શ્રી મોમાઈ માતાને નમઃ

## જખૌ ગામે મોમાઈમાં સ્થાનકની પ્રતિષ્ઠા વિધિ

કચ્છ ગામ જખૌ - નીમવાળા ફરીયામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીનાં પરિવારનાં ભાવિકોને જણાવતાં આનંદ થાય છે કે

શ્રી મોમાઈ માતાજીની પુનઃ પ્રતિષ્ઠા તથા હોમ-હવન વિધીના કાર્યક્રમનું આયોજન કારતક સુદ ૧૪ તથા પૂનમ તા. ૧૩-૧૪ નવેમ્બર ૨૦૧૬નાં કરવામાં આવેલ છે.

તો દરેક ભાવિક પરિવારને પોતાની રીતે વ્યવસ્થા કરી, માતાજીનાં સ્થાનકે તા. ૧૨-૧૧-૨૦૧૬ના સાંજ સુધી પહોંચી આવવા આગ્રહ ભરી વિનંતી.

**ભોઈમા :**

**શ્રી પ્રેમીલાબેન પદમશી મોમાયા** - 09930515744
**કિરણ મોમાયા** - 09820962824

**''આજનો સુવિચાર''**

લેખ ન થીયેં મેખ;
છઠી જા લખ્યા લેખ
સે ફરેઆ કડે, ફરે નતા ?
જુવાન હલેઆ વને;
માંધા મરે નતા
સે ભલા કો ?
ત ચેં, કરમ જા કરતુત
નડે વગર રેં નતાં,
પ્રભું જા દાખલા ખોટા પેં નતા,

**- ભદ્રી પટેલ**


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જીગર એસ. છેડા** (PS 7256) | ફ્લેટ ૫૦ ડી, બ્લોક ઈ-૪, એલઆઈજી, ઉદ્યોગ વિહાર, સેક્ટર ૮૨, નોઈડા - ૨૦૧ ૩૦૪, યૂ.પી. મો.: ૮૫૨૭૯૩૭૭૭૮ |
| **નુતનકુમાર ડી. નાગડા** (PS 5177) | ૧૦૨, ૧લે માળે, લોટસ બી વિંગ, એએનડી અગાસન કોમ્પ્લેક્સ, અગાસન રેલ્વે ફાટક પાસે, દિવા (ઈસ્ટ)-૪૦૦ ૬૧૨, થાણે. મો.: ૯૬૬૨૮૩૨૮૯૩ |
| **શ્રી ઉમરગામ અચલગચ્છ જૈન સંઘ** (PS 7257) | મહાકાલી એપાર્ટમેન્ટ, ૧લે માળે, અંબાજી મંદિર પાછળ, પ્લોટ ફલીયા, ગંગાદેવી રોડ, સોલસુમ્બા, ઉમરગામ-૩૯૬૧૬૫, ગુજરાત. મો: ૯૬૮૭૨૪૫૫૫૨ |
| **નીતિન જે. મોતા** (PS 1312) | ફ્લેટ ૧૨૦૩, ગુલમોહર ઉપવન કો.હા.સો., ૧૨મે માળે, કોકની વાડા, ગવંડ બાઉ, પોખરણ રોડ નં. ૨, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૧૦. ફોન : ૦૨૨-૨૧૭૧૦૭૧૧ |
| **હેમંત એચ. બોરીચા** (PS 7258) | ૨, સરોજ દર્શન એપાર્ટમેન્ટ, ૯૦ ફીટ રોડ, કેમ્પસ હોટલ પાસે, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. મો.: ૮૦૮૭૪૪૭૨૦૦ |
| **ભરત એલ. મોમાયા** (PS 7259) | પ્લોટ નં. ૮૨એફ, ન્યુ આદિનાથ સોસાયટી, વૉર્ડ ૯-બી/ડી, ભારત નગર, ગોપાલપુરી, ગાંધીધામ - ૩૭૦ ૨૪૦ કચ્છ. મો.: ૮૯૮૦૬૩૮૭૪૦ |
| **સાગર જે. ધુલ્લા** (PS 7260) | ૩, નેમીનાથ સોસાયટી, શેરી નં. ૩, કામદાર કોલોની, જામનગર - ૩૬૧૦૦૬ ગુજરાત. મો.: ૯૭૩૭૪૧૮૯૭૮ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૫-૧૬ | એરોલી | સૌમ્ય, બીજલ કેવલ કેતન લાલજી દંડ | પરજાઉ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૫-૧૬ | હુબલી | નયન સુરેશ દામજી મોમાયા | વારાપધર | |
| | દહીસર | જીગ્ના ચેતન ખીમજી મૈશેરી | જખૌ | |
| ૦૫-૦૬-૧૬ | ચેમ્બુર | સન્ની દિનેશ જેઠાભાઈ લોડાયા | આરીખાણા | ૨૪ |
| | રાયચૂર | દર્શના રાજેન્દ્રકુમાર ઉમરશી લાપસીયા | સાંયરા | ૨૪ |
| ૦૬-૦૬-૧૬ | ડોમ્બીવલી | પારસ ચીમનલાલ ટોકરશી મૈશેરી | બાંઢીયા | ૨૫ |
| | વાશી | પ્રીઓમ (પ્રાચી) વસંત આણંદજી લાલજી દંડ | બાયઠ | ૨૫ |
| ૦૬-૦૬-૧૬ | ડોમ્બીવલી | નયન લક્ષ્મીચંદ ખેતશી મોતા | રાપરગઢ | ૨૫ |
| | અંકલેશ્વર | ખુશાલી જીતેન્દ્ર આણંદજી ખોના | વાંકુ | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૬-૧૬ | થાણા | ઉદય પ્રવિણભાઈ હંસરાજ ખોના | બારોઈ | ૩૧ |
| | ડોમ્બીવલી | અમિતા રમેશ હીરજી લોડાયા | મંજલ | ૨૯ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૫-૧૬ | ખીડકીયા | પ્રતીક જયંત નાગડા | લાલા | ૨૫ |
| | ખીડકીયા | દિવ્યા વિનોદ વ્યાસ | બહેડી | ૨૨ |
| ૦૮-૦૫-૧૬ | અરનાકુલમ | હરિક્રિશ્નન્ સતીશ નાયર | અરનાકુલમ | ૨૮ |
| | કોચીન | જલ્પા લલીત મોતા | નલિયા | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૩-૧૬ | ગોરેગામ | ધનબાઈ પાસુભાઈ લાપસીયા | દલતુંગી | ૭૦ |
| ૦૩-૦૬-૧૬ | ડોંબીવલી | કાંતીલાલ નરશી મોતા | તેરા | ૮૪ |
| ૦૬-૦૬-૧૬ | દહીસર | માણેકજી દામજી નાગડા | રંગપુર | ૮૫ |
| ૦૬-૦૬-૧૬ | ચેન્નાઈ | તરલા કુમારપાલ અજાણી | કોઠારા | ૭૨ |
| ૦૭-૦૬-૧૬ | ધુલિયા | દેવકુંવરબેન નવીનચંદ્ર ધરમશી | સુથરી | ૭૮ |
| ૦૭-૦૬-૧૬ | બાયઠ | મેઘજીભાઈ રામજી પોલડીયા (પટેલ) | બાયઠ | ૭૭ |
| ૦૭-૦૬-૧૬ | કોચીન | નવીન જવેરીલાલ દંડ | સુથરી | ૭૩ |
| ૧૦-૦૬-૧૬ | ડોમ્બીવલી | સુરેશ યુ. ધુલ્લા | ભરૂડીયા | ૬૦ |
| ૧૦-૦૬-૧૬ | જલગામ | પ્રણવ નવીન સોમચંદ દૌલત | | ૨૦ |

## હાર્દિક અભિનંદન



**ચિ. વત્સલ**
**જયશ્રી નવીન જૈન (ધુલ્લા)**
(બાયઠ - મુલુંડ)

સરસ્વતી દેવીની અસીમ કૃપા અને
વડીલોના આશીર્વાદથી
ચિ. વત્સલ S.S.C. - CBSE Board માં
94.8% થી ઉતીર્ણ થયા છે.
સંસ્કૃતમાં 100/100 મેળવેલ છે.
ચિ. વત્સલ આમજ સફળતાના શિખરો
સર કરતો રહે એજ શુભેચ્છા.

**શુભેચ્છક**

દાદાણા : કાંતાબાઈ નારાણજી માંચા ધુલ્લા (બાયઠ-મુલુંડ)
નાનાણા : વિજયાબાઈ હીરાચંદ મેઘજી મોતા (નલીયા-મુલુંડ)
મોટાભાઈ : CA વીરલ નવીન નારાણજી જૈન (બાયઠ-મુલુંડ)

## હાર્દિક અભિનંદન



### કુ. ઉર્વી હિતેશ (મોમાયા) શાહ

જખૌ - જલગામ

ચિ. ઉર્વી એ SSC Board 10th Std માં ૯૩% ગુણાંક
મેળવી ઉત્તીર્ણ થઈને પરિવારનું નામ રોશન કરેલ છે.
ઉજ્જવલ ભવિષ્ય માટે શુભકામના

**શુભેચ્છુક**

દાદી-દાદા : સૌ. જયાબેન નરેંદ્ર મોમાયા (જખો-જલગામ)
નાની-નાના : ભારતીબેન ભરતભાઈ લોડાયા (કોઠારા-ચાલીસગામ)
માતા-પિતા : ચેતના હિતેષ મોમાયા
કાકી-કાકા : રૂપલ હિરેન મોમાયા
ભાઈ-બેન : કરણ, કૃતી

## માતા તુલ્ય ભાભીને શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૪/૨/૧૯૩૯

અરિહંત શરણ :
તા. ૪/૬/૨૦૧૬


### અ.સૌ. જયા મુલજી શાહ લોડાયા

ગામ : સાંધવ - હાલ : તિલકનગર, ચેમ્બુર

| | |
|---|---|
| પ્રકાશ માણેકજી લોડાયા | પ્રીતી પ્રકાશ લોડાયા |
| મયંક પ્રકાશ લોડાયા | માધવી મયંક લોડાયા |
| પ્રિયંક પ્રકાશ લોડાયા | પાર્થ પ્રકાશ લોડાયા |

સમસ્ત મણીબાઈ માણેકજી કેશવજી લોડાયા પરિવાર

## પુનામાં નિર્માણ પામી રહેલ ક.દ.ઓ. જિનાલય માટે અનંતનાથ ભગવાનની પ્રાચીન મૂર્તિ જોઈએ છે.






પુનામાં જ્ઞાતિના બીલ્ડર/ડેવલપર દ્વારા જ્ઞાતિજનોની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને વિકસાવાઈ રહેલ ટાઉનશીપમાં નિર્માણ પામનારા જ્ઞાતિના જિનાલય માટે અનંતનાથજી ભગવાનની પ્રાચીન મૂર્તિ જોઈએ છે.

આ ટાઉનશીપમાં જ્ઞાતિજનોના ફ્લેટોવાળા મકાનો, જ્ઞાતિનું જિનાલય, જ્ઞાતિનો હોલ તથા વૃધ્ધાશ્રમ વગેરે સામાજિક સુવિધાઓ હશે.

સંપર્ક : શરદ કાંતિલાલ નાગડા - 09371004760

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## જ્ઞાતિના રાંધણકલા નિષ્ણાત સન્નારી શ્રીમતી ધારીણી સુધિર ખેતશી ખોના - અમેરિકાને મોદીજી માટે ભાવતાં ભોજન રાંધવાનું ગૌરવ.... અભિનંદન








ભારતના વડાપ્રધાન મોદીજીની અમેરિકા યાત્રા અંગે દેશ-વિદેશમાં જેમ તેમણે અમેરિકી સંસદ સમક્ષ આપેલું ભાષણ આકર્ષણનો ખાસ વિષય બન્યું તેમ કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિજનો માટે જ્ઞાતિના અમેરિકામાં વસતા સન્નારી શ્રીમતી ધારીણી સુધિર ખેતશી ખોનાને મોદીજીને ભાવતાં ભોજન રાંધીને પીરસવાનું ગૌરવ મળ્યું તેના ફોટા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. મોદીજી જ્યારે વાઈટ હાઉસમાં અમેરિકી પ્રમુખ ઓબામાનો મળ્યા ત્યારે ધારીણીબેનને વાઈટ હાઉસના કિચનમાં પોતાની રાંધણકલા અજમાવવાનો મોકો મળ્યો.

## પાસ થયા અભિનંદન

નોંધ : જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.




**આદિત્ય રાજેશ ધરમશી**
બેંગલોર - P.U.C.
(Computer Sci.) માં **81.17%**




**રવી (નયના) અખીલેશ વિકમસી**
H.S.C. માં
**92.15%**



**સાક્ષી (મિનાક્ષી) મનિષ જૈન**
ખાંડવા (M.P.) H.S.C. માં
(Science) **94%**



**જીનલ રવિન્દ્ર લોડાયા**
નલીયા - ચોપડા
H.S.C. (Com) માં **85.54%**



**મોક્ષા (તારામતી) કેતન શાહ**
બારામતી - પુણે
S.S.C. માં **86.40%**



**પાર્થ લલીત લહેરચંદ લોડાયા**
નલીયા - કોચીન
S.S.C. માં **79%**



**ઉર્મી (મિનલ) કિશોર લોડાયા**
T.Y. B.Com માં
**(CGPA) 6.75**



**પુજા (મિનલ) કિશોર લોડાયા**
S.Y. B.Com માં
**(CGPA) 85.66%**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,